સત્યં વદ ॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥ ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૮ સંવત ૨૦૭૨ આસો, ઓક્ટોબર – ૨૦૧૬ અંક – ૧૦




**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષઃ ૩૮ / ઓક્ટોબર-૨૦૧૬/ અંક-૧૦

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્<br>કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | પ્રાચીન અને અર્વાચીન..<br>રજુ. કાળુભાઈ કોશિયા |
| ૧૦ | બાળ કેળવણી (ભાગ–૭)<br>રજુ. લવજીભાઈ કે. સવાણી (નાવડા) |
| ૧૧ | પરમ તત્ત્વનાં પંથે<br>રજુ. હંસાબેન બી. ગોપાણી (ચોગઠ) |
| ૧૨ | આપણા જીવનનો ધ્યેય...<br>રજુ. મનીષા કે. અધેવાડા |
| ૧૩ | તત્ત્વબોધ કથા સત્સંગસાર<br>રજુ. રેખાબેન આર. મચાણી (ભાવનગર) |
| ૧૬ | સતગુરૂદેવની સમૂહ પ્રાર્થના<br>રજુ. રમાબેન ખૂંટ (સુરત) |
| ૧૭ | કલ્યાણ કરવાનાં સાધનો<br>લેખક – શિવ |
| ૨૦ | સત્સંગ સમાચાર<br>સંકલિત |
| ૨૧ | સત્સંગ સમાચાર<br>સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર<br>સંકલિત |


જય સચ્ચિદાનંદ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

***રથ્યાચર્પટવિરચિતકન્થઃ પુણ્યાપુણ્યવિવર્જિતપન્થઃ ।***
***નાહં ન ત્વં નાયં લોકસ્તદપિ કિમર્થિ ક્રિયતે શોકઃ ।***
***ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥ ૧૬ ॥***

### ભાવાર્થ

*ગલીમાં પડેલાં ચીંથરાંની કંથા બનાવી લીધી, પુણ્યાપુણ્યથી અલગ માર્ગ પકડી લીધો, ''ન હું છું ન તું છે અને ન આ સંસાર છે એ પણ જાણી લીધું'' પછી પણ શોક શેનો કરવામાં આવે છે ? તેથી હે મૂઢ ! હંમેશા ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. ॥ ૧૫ ॥*

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૭ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્તા :– કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ–નાસિક–૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

સાંભળે તો બધા જ છે પણ દ્રઢ થતું નથી. એટલે બહાર જઈને શંકા કરે. મને દુઃખ નહિ હોય, મારો મોક્ષ થઈ ગયો હશે ? એક બેનને કહ્યું, 'ભગવાન મળ્યા છે ?' તો કહે, 'શેરીમાં પડયા છે ભગવાન ?' તો ભગવાન શેરીમાં નથી ત્યારે શું ભગવાન કાંઈ આકાશમાં ઊડે છે ? ભગવાન તો સર્વ વ્યાપક છે. શેરીમાંય છે ને હૃદયમાંય છે ને બહારય છે ને ઉપરય છે. બધે ભરપૂર ભરેલા છે. ભગવાન મળવા જેટલા સરળ છે ને એટલી માયા મળવી સરળ નથી. માયા માટે તો કેટલા કાવાદાવા કરવા પડે. જયારે ભગવાન તો ઘટઘટમાં કણકણમાં ઉપર-નીચે બધે ભરેલા છે.

जले विष्णुः स्थले विष्णुः विष्णुः पर्वत मस्तके ।
ज्वाला माला कुले विष्णुः सर्वं विष्णु मयं जगत् ॥

''अहं हरि सर्व मिदं जनार्दनो,
नान्यततः कारण कार्य जातम् ।
ईदृङ्मनो यस्य न तस्य भूयो
भवोद्भवा द्वन्द्वगदा भवन्ति ॥''

એટલે નરસિંહ મહેતાએ સરળ ભાષામાં કહ્યું-

**પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા,**
**વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે,**
**વિવિધ રચના કરી ભોગ તું ભોગવે,**
**શિવનો જીવ થયો એજ આશે.**

કે બધું બ્રહ્મ તો જીવપણું કેમ આવ્યું રમવામાં રહી ગયા એટલે આવ્યું-

**રમવાની બાજી રચી, ધરી નવનવાં રૂપ,**
**સંશય શોક સ્વભાવથી, થયો જીવ સ્વરૂપ,**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**
**વિષયવૃત્તિને આંતરે, અવરાયો અતીત,**
**પ્રીતમ પોતાને વિસરી, કરે પર શું પ્રીત,**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**
**નિર્મળ નયને નીરખતાં, દરશે નિજ દેદાર,**
**સાગરથી સૌ ઉપજે, લેહેરી લોઢ અપાર.**

(સ્વામી પ્રિતમદાસજી)

સાગરથી બધુ થયેલું સાગરમાં સમાય જાય. એમ બ્રહ્મમાંથી થયેલું બધુ બ્રહ્મમાં લીન થઈ જાય. જો **'નિર્મળ નયને નીરખે'** તો **'દરશે નિજ દેદાર'** તો પોતાનું સાચું સ્વરૂપ દેખાય, બહારની ચામડાની આંખે નહિ, અંતરની આંખે બુદ્ધિથી નિર્મળ દેખાય તો અહીં કહે છે **'मत्वा'** એટલે મનન કરીને **'धीरो हर्षशोकौ जहाति ।'** કહે છે, ધીર પુરુષ હોય એ હરખ અને શોક બંને છોડી દે છે. હરખય છોડે ને શોક છેડે તો પેલો હરખ શબ્દ કહ્યો. ધ્યાનથી યાદ રાખો શું કહ્યું ? બોલો ? એટલે શોક છોડવાનું કીધા પેલા હરખ છૂટવો જોઈએ. જો હરખ નહિ છૂટે તો શોક આવવાનો છે છે ને છે. કેમ કે એની પાછળનો શબ્દ છે. પેલું આવે તો બીજું આવ્યા વિના રહે નહિ. એટલા માટે કહ્યું હરખ લાવશોને તો શોક આવ્યા વિના રહેશે નહિ. કેમ કે પુણ્ય લેવા જશો તો હારે પાપ પણ વળગશે. જુવાનીમાં હું મસ્ત છું, સારો છું, મને બહુ ખાવા મળ્યું ને મને આ મળ્યું તો દેહ દ્રષ્ટિ કરી કે હું બહુ ભોગો ભોગવું છું ને હું પૈસાવાળો

છું ને આમ છું. જો એનો હરખ લીધો તો ગઢપણનો ને રોગનો, શું લેવું પડશે ? બોલો ? દુઃખ પણ લેવું પડશે. એટલે શરીરને જેણે હું માન્યું, જો એણે હરખ લીધો તો જયારે શરીર બીમાર પડયું, પૈસા વયા ગયા, બુદ્ધી પત્ની માનતી નથી, ત્યારે શું લેવું પડે ? બોલો ? દુઃખ પણ લેવું પડે. એટલે કોઈ દિ' હરખ જ ન લેવો. કોઈની હારે એની હારે સબંધ ન કરવો. હું જુવાન છું, હું આવો છું ને હું આમ છું ને હું મોજ-મઝાનું ખાવ છું ને હું આમ મોટું સુખ ભોગવું છું એમ હરખમાં પડયા તો નહિ હોય ત્યારે શોકમાં પણ પડવું પડશે. પણ હું તો કોઈ દિ' કંઈ કરતો નથી, આવતો નથી, જતો નથી, ભોગવતો નથી, મારે કાંઈ હરખ નહિ અને જાય તો શોક પણ નહિ કેમ કે હું એક રસ આત્મા છું. શું છો ? બોલો ?...(આત્મા) શરીર સાથે મારે કોઈ સાચો સબંધ નથી. શરીર વધે-ઘટે પણ આત્મા વધે-ઘટે નહિ, શરીર કાળું-ધોળું હોય પણ આત્મા કાળો ધોળો ન હોય, શરીર, બ્રાહ્મણ, ક્ષત્રિય, વેશ્ય, ક્ષુદ્ર હોય પણ આત્મા ન હોય, શરીર સંન્યાસી, ગ્રહસ્થ, વાનપ્રસ્થ હોય પણ આત્મા ન હોય એમ આત્મા સર્વથી શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વરૂપ છે એટલે મને હરખય નહિ ને શોક નહિ. એમ **'हर्षशोको जहाति'** અને **'धीरो न शोचति'**

**''महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ।''**

કે એવું મનન કર્યા પછી ધીર પુરુષો શોક કરતાં નથી. તો શોક બેય હોય (બે પ્રકારના હોય) જો વધારે રહે (જીવે) ને તો એમ થાય કે હવે મરી જવાય તો સારું અને ઘણાં એમ કહે કે ન મરાય તો સારું. (એમ બે પ્રકારના શોક હોય). તો મરી જવાની ચિંતા કરવી એય નકામી છે ને જીવવાની કરવી એ પણ નકામી છે કેમ કે આત્મા જન્મતો નથી ને મરતો નથી, પછી મરવાની કે જીવવાની ચિંતા જ શું કામ કરવી ? વધવાની ઘટવાની ચિંતા. કોઈનું પેટ વધી જાય તો ચિંતા કરે કે હાર્ટ એટક આવશે તો ! કોઈ પાતળો હોય તો ચિંતા કરે કે જાડું થવાતું નથી. તો જાડા પાતળા થવાની ચિંતા કરે અને પાતળા જાડા થવાની ચિંતા કરે. પણ આત્મા તો પાતળોય થતો નથી ને જાડો થતો નથી. કોઈને પત્નીને, પતિને, પૈસાને, જીવોને જગતમાં અનેક પ્રકારની ચિંતા હોય છે તો જગતની ચિંતા, આને (ચિંતાને) દૂર કરવા માટે જાગતીક (એટલે જગતના) પદાર્થોમાં સુખ નથી. એવો ખાસ અભ્યાસ કરવાથી ચિંતાઓ મટે છે.

**સુખ રે નથી આ સંસારમાં,**
**ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો,**
**ભમ્યો દિવસને રાત, માયાનું બાંધેલ પ્રાણી,**
**સમજ્યો નહિ શુદ્ધ વાત,**
**ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો.**

સંસાર કહેને ત્યારે શરીર સમજવું, જડ વસ્તુ. આત્મા ભળેલો હોય ત્યારે શરીર રૂપાળું સુખરૂપ લાગે. આત્મા વગરનું શરીર હોય એને સંસાર સમજવું. નહીંતર બંને ભેગા થઈને જાયને તો મેથીને બદલે મેથીપાક થઈ જાય. મેથી કડવી છે પણ મેથીપાક થઈ જાય તો કેવો થઈ જાય ? બોલો ? સારો થઈ જાય. મેથી કડવી છે એમ કહે ત્યારે મેથીપાક કડવો છે એમ નહિ સમજવાનું. એમ આત્મા ને શરીર બંને ભેગા થઈ જાય તો સંસાર છે એમ નહિ સમજવું. એ તો સંસાર ને પરમાત્મા બેય ભેગા ભળી ગયા. ભેગા ભળે તો તો સારું જ થઈ જાય. ભગવાન ભેગા ભેળા રાખવા માટે જ આ કરવાનું છે, માને ભક્તિ કરવાની છે. ભગવાનને (ભેળા) રાખીને કરો તો તો (જીવન) સારું ચાલે. એકડાની પાછળ મીંડા બધા ચાલે પણ એકડા વગરના મીંડા હોય તો...? એટલે કહે છે કે મીંડાની કિંમત નથી. પણ કયારે નથી ? બોલો ? એકડા વગરના હોય તો એકડાની સાથે હોય તો મીંડાની પણ કિંમત છે. એમ ચેતનની હારે શરીર હોય તો શરીરની પણ કિંમત છે. પરમાત્માની સાથે સંસાર હોય તો સંસારની પણ કિંમત છે. એમાં પણ સુખ છે એટલે પરમાત્મા વગરના સંસારમાં સુખ નથી એમ સંતો કહે છે એટલું શીખવું. સંસારમાં સુખ નથી કહે ત્યારે બધુ **''ટકે શેર ભાજી ટકે શેર ખાજા.''** એમ નય સમજવું. ભગવાન ભળેલા હોય તો સંસારમાં તો સુખ છે. ભગવાન વગરનો હોય, આત્મા વગરનું શરીર હોય એ શું છે ? બોલો ? સુખ નથી, એટલે કહે છે.

**યાવજ્જિવો નિવસતિ દેહે,**
**તાવત્કુશલં પૃચ્છતિ ગેહે,**
**ગતવતિ વાયૌ દેહાપાયે,**
**ભાર્યાબિભ્યતિ તસ્મિન્કાયે,**
**ભજ ગોવિંદં ભજ ગોવિંદં,**
**ગોવિન્દં ભજ મૂઢમતે.**

(શ્રી શંકરાચાર્ય)

શરીરમાં જીવ છે ત્યાં સુધી બધુય સુખ છે એટલે બધા પ્રેમ કરે છે અને શરીરમાંથી જીવાત્મા નીકળી જાય એટલે સુખ નીકળી જાય. પછી પત્ની હોય કે પિતા હોય કે પુત્ર હોય કે ભાઈ હોય. કોઈ શરીરમાં પ્રેમ કરતું નથી એટલે

**''મૂવાની સંગાથે કોઈ જતું નથી રે,**
**કોઈ કોઈનું નથી રે''**
**''જીવને શ્વાસતણી સગાઈ,**
**ઘરમાં ઘડી ન રાખે ભાઈ,**
**લીપ્યું ને ગુપ્યું આંગણું ને, કાઢ્યા વેળા થઈ,**
**અડશો નહિ કોઈ અભડાશો,**
**એમ લોક કરે ચતુરાઈ રે, જીવને..''**

(ભોજા ભગત)

શું કામ ના ઘરમાં રાખ્યું ? એમાં સુખ નથી. તો સંસારમાં સુખ નથી એમ કહેને ત્યારે પરમાત્મા વગરના ભાગમાં એમ સમજવું. એટલે વેદોમાં કહ્યું **''યતોનન્યદઆર્ત''** કે પરમાત્માથી જે જુદું છે ને એ બધું દુઃખરૂપ છે એમ એનો અર્થ સમજવો **'યતોનન્યદાર્ત'** એટલે ભગવાનથી જુદુ છે એ બધુ ખોટું છે દુઃખ રૂપ છે. ભેગું થઈ જાય તો સુખરૂપ થઈ જાય. જેમ લોટને સાકર ભેગું ભેળવી દો તો લાડું શું થઈ જાય ? બોલો ? ગળ્યાં થઈ જાય. પણ લોટ ગળ્યો છે એમ કહે. કોઈ લોટ ગળ્યો નથી એમ કહે તો એ ખોટું બોલ્યા ? એમ સંસારમાં સુખ નથી. એમ કહેને ત્યારે ભગવાન વગરના ભાગમાં સુખ નથી. એનું નામ જ સંસાર. **''संसरति गच्छति इति संसार ।''** જે બદલ્યા કરે, ફર્યા કરે, વિકારી હોય એ સંસાર કહેવાય અને નિર્વિકારી હોય, અસંગ હોય, એકરસ હોય, સર્વત્ર ભરપુર ભરેલું હોય એને પરમાત્મા...

**સચ્ચિદ્ આનંદ સરવમાં, ભરી રહ્યો ભરપૂર,**
**દિન રજની રહે રંગમાં, નિરમલ વર્ષે નૂર.**

(સ્વામી પ્રિતમદાસજી)

તો તમે કહો કે મડદામાં પરમાત્મા હશે કે નહિ હોય ? તો તમે શું કહો ? બોલો ? થોડું સમજવા મહેનત કરો.

**શૂન્યમાં પૂરણ દેખે સોય,**
**મૃત્યુ ત્હેને અમૃતનું ફળ હોય,**

(સ્વામી પ્રિતમદાસજી)

તો એમાંય અસ્તિ, ભાતિ, પ્રિય રૂપે પરમાત્મા છે કેમ કે પરમાત્મા પૂર્ણ હોવાથી મડદામાં પણ છે. અસ્તિત્વ રૂપે (છે) વિશેષ રૂપથી નથી, ત્યાં એટલા માટે સામાન્ય રૂપે હોવાથી એનો વહેવાર થતો નથી અને આપણે વહેવાર તરફ વધારે આસક્તિ રાખતા હોય એટલે વહેવાર હોય તો માનીએ ને ન વહેવાર હોય તો ન માનીએ. જેમ ઊંઘી જાય પછી એની અંદર આત્મા હશે કે નહિ. હોય એની આપણને કયાં ખબર પડે છે ?...નથી ખબર પડતી એટલે કાંઈ વયો જતો નથી. અસ્તિત્વ રૂપે એમાં પણ છે 'મડદું છે.' એમ બોલો છોને, બોલો ? 'છે' પણું એ શેનું છે ?...અસ્તિત્વ એ પરમાત્માનું સ્વરૂપ છે. એમાં કેવળ નામ, રૂપ, ગુણ, ક્રિયા જ વયા ગયા છે પણ અસ્તિત્વ તો છે છે ને છે. એટલે સર્વની અંદર અસ્તિ, ભાતિ અને પ્રિય રૂપે પરમાત્મા ભર્યા છે એટલે એને (પરમાત્માને) પૂર્ણ કહેવાય. જો મડદામાં ન હોય તો એટલામાં પરમાત્મા શું કહેવાય ? અધૂરા છે. એમાં (મડદામાં) પ્રગટ નથી એટલે બોલાયકે એનો સબંધ છૂટી ગયો. શું નથી ? બોલો ?...(સબંધ) એટલે જ નથી એમ કહેવાય. નહિતર પરમાત્મા સામાન્ય રૂપે તો બધે છે છે ને છે. પૂર્ણ વ્યાપક છે એટલે

**''महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ।''**

એટલે ધીર પુરુષ તો કોઈ મરે તોય શોક નો કરે. કેમ કે મરે તોય નામ, રૂપ, ગુણ બદલાણા. બીજું કાંઈ બદલાણું નથી. માટી માટીમાં રહી ને ચેતન ચેતનમાં રહ્યું, વયું શું ગયું ? બોલો ? વહેચાઈ ગયું કહેવાય. શું થયું ? વહેચાઈ ગયુ. તમે જેમ અહીંથી પચાસ (માણસો) આવ્યા હોય ને પંદર આ ઘરે રહો ને પંદર પેલા ઘરે એમાં મરી ગયું કોઈ ! ઉતારો શું થઈ ગયો ? જુદો જુદો થઈ ગયો. એમ શરીર માટીનું હતું તે માટી ભેગુ ગયું અને આત્મા ચેતન હતો એ પરમાત્મા ભેગો...તો વિભાગ થઈ ગયા. કંઈ મરી ગયું નથી. કયાંય વયું ગયું નથી. ધીર પુરુષો એટલા માટે કોઈનો શોક કરતાં નથી. કેમ કે એ સમજે છે કે આમાં કાંઈ જગતની વસ્તુ જતી નથી ને કાંઈ આવતી નથી. તો એટલે ગીતાનો શ્લોક યાદ રાખો,

**નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ ।**
**ઉભયોરપિ દ્રષ્ટોऽન્તસ્ત્વનયોસ્તત્ત્વદર્શિભિઃ ॥**

(અ-૨-૧૬)

આ તત્ત્વજ્ઞાન કહેવાય. પેલું જે આત્મજ્ઞાન

કહેતા એ જુદું. આ તાત્ત્વિક જ્ઞાન કહેવાય. તત્ત્વજ્ઞાન શું છે કે બે જ પદાર્થો છે. એક ચેતન અને એક જડ. એક સત્ અને બીજું અસત્. તો અસત્ છે એ કોઈ દિ' સત્ થતું નથી ને સત્ છે એ કોઈ દિ' અસત્ થતું નથી. એટલે હરખ-શોક કરવાની કાંઈ જરૂર જ નથી. કેમ કે જે સત્ છે એ કોઈ દિ' મરતું નથી અને જે અસત્ છે એ કોઈ દિ' જીવતું નથી. એ તો કોઈ દિ' રહ્યું નથી ને રહેવાનું નથી. કેવળ તમે ભ્રાંતિથી રહ્યું અને થયું, આવ્યું એવું માન્યું છે અને પછી ભ્રાંતિથી ગયું એમ માની લ્યો છો. અસત્ એ હંમેશા અસત્ જ છે ને સત્ એ હંમેશા સત્ જ છે. એટલે સત્નો કોઈ દિ' અભાવ નહિ ને સત્નો કોઈ દિ' ભાવ નહિ. થયું એમ ભ્રાંતિ થયા કરે એ જુદી વાત છે. જેમ જાંજવાનું જળ છે ને એ કોઈ દિ' થયું નથી ને થશે નહિ પણ આપણે એમ માનીએ કે થયું અને સાંજે દિવસ આથમે શું કહીએ ? કે વયું ગયું. પણ જે સમજુ પુરુષો છે એ સમજે છે કે એ જળ કોઈ દિ' થયું નથી કાંઈ...થાય એ વયું ગયું કહેવાયને ! એ તો થતું નથી ને પછી ગયું શું ? તો જે પૃથ્વી છે તો છે ને અંધારું હોય તોય છે ને અજવાળું હોય તોય છે ને ગમે તે હોય ત્યારે છે. દિવસ હોય તોય પૃથ્વી છે ને દિવસ આથમી જાય તો નો દેખાય તોય પૃથ્વી તો છે છે ને છે. એમ આ જે જાંજવાનું જળ દેખાણું છે એ નો'તું છતાં દેખાણું'તું એટલે આવ્યું એમય આપણે કીધું ને ગયું એમય...પણ સમજુ માણસો તો એને સમજે કે એ સાચું નથી એટલે એ આવ્યું નથી અને એ ખોટું છે એટલે આવ્યું નથી તો પછી ગયું એમ કહેવાની શી જરૂર જ છે ? એટલે એ કોઈ દિ' આવતું જતું નથી. હંમેશા એક અખંડ બ્રહ્મ રહ્યા છે છે ને છે. એટલે નરસિંહ મહેતાએ કહ્યું- **''જાગીને જોઉં તો જગત દીસે નહિ.''** જો જાગીએ તો તો જગત છે જ નહિ બ્રહ્મ જ છે. ઊંઘમાં એટલે અજ્ઞાનમાં આ બધા અટપટા ખેલ ભાસે. અજ્ઞાનમાં આ બધું જગત દેખાય છે એટલા માટે ભગવાન શંકરાચાર્યે પણ લખ્યું છે.

**यदज्ञानतोभा विश्वं समष्टं**
**विनस्टं सत्यो यदात्मप्रबोधे ।**
**मनोवागतितं विशुद्धंविमुक्तं**
**परंब्रह्म नित्यं तदेवाहमस्मि ॥**

**'यदज्ञानतो'** જેના અજ્ઞાનથી આ જગત આખું દેખાય છે અને જેનું જ્ઞાન થવાથી દેખાતું બંધ થઈ જાય.

**જેહી જાની જગ જાયી હેરાઈ,**
**યથા જાગ્રત સ્વપન ભ્રમ જાયી.**

રામાયણમાં કહ્યું કે જેને જાણવાથી જગત હેરાઈ જાય. તો જેને જાણવાથી એટલે શું ? કે સોનાનો હાથી હોય, સોનાનો ઊંટ હોય, સોનાનો હાર બનાવેલો હોય ને સોનાનો સર્પ બનાવેલો હોય તો કોઈ છોકરો બીતો હોય કે આ સર્પ કરડી જશે ને વાઘ ખાઈ જશે ને હાથી આપણને મારી નાખશે પણ જયારે એને ગાળી નાખે અને સોનુ થઈ જાય ત્યારે છોકરો બીતો શું થઈ જાય ?...એટલે એમાં વાઘય નથી સર્પય નથી ને હાથી ય નથી કેવળ આતો દેખાવા પૂરતાં હતા. દોરીમાં સર્પ દેખાણો એ ભ્રાંતિ છે અને દીવો લાવો એટલે દોરી છે એમ સમજાય જાય તો સર્પનું દુઃખ કે ભ્રાંતી હોય એ ચાલી જાય. એમ જયારે દોરીને જાણવાથી ભ્રાંતિમાં (અંધકારમાં) દેખાણેલું બધું વયું ગયું. સોનામાંથી બનેલામાં સોનું દેખાણું એટલે બીજું બધું વયું ગયું એમ બ્રહ્મ જ બધું છે એમ જાણો તો જગત દ્રષ્ટિ દૂર થઈ જાય. જયાં સુધી જગત દ્રષ્ટિ છે ત્યાં સુધી બ્રહ્મ દેખાતા નથી અને બ્રહ્મ દ્રષ્ટિ થઈ જાય તો જગત દેખાતું બંધ થઈ જાય એટલા માટે બ્રહ્મ દ્રષ્ટિએ જે જોવે એ મહાપુરુષોને બધું બ્રહ્મ જ દેખાય છે. જગત દ્રષ્ટિએ જોવા વાળાને જગત દેખાય છે એટલા માટે-

**જો આપે ભજીને બ્રહ્મરૂપ તો,**
**બ્રહ્મને ભાળીએ જીરે.**
(મૂલદાસ)

જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ **''यादृशी भावना यस्य सिद्धि र्भवति तादृशी ।''** એટલા માટે બ્રહ્મ દ્રષ્ટિ કરવી, સત્ય દ્રષ્ટિ કરવી. અહીં મુખ્ય વિષય છે કે **''मत्वा धीरो न शोचति ।''** એવું મનન કરી લીધા પછી ધીર પુરુષો શોક કરતાં નથી. તો શોક થવાના કારણ શું બતાવ્યા ? બોલો ? કે સુખ થયું ને સુખ ગયું. સુખ થયું એટલે હરખ થયો અને સુખ ગયું એમ માન્યું ત્યારે શોક પણ હું સુખરૂપ જ છું એટલે (સુખ) થતુ નથી પણ છે છે ને છે.


**ક્રમશ...**

# પ્રાચીન અને અર્વાચીન પરંપરાનો ધબકાર

રજુ. કાળુભાઈ કોશિયા

**॥ જય સચ્ચિદાનંદ ॥**





**પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય**



**શ્રી માધવ ગુરુકુળના વ્યવસ્થાપકશ્રી તેમજ ટ્રસ્ટીશ્રી કાળુભાઈ કોશિયા પોતાની લાક્ષણિક અદામાં વિદ્યાર્થીઓને સંબોધી રહ્યાં છે.**

ભારતીય સંસ્કૃતિ એ તપોવનની સંસ્કૃતિ છે. ગુરુકુળ દ્વારા શિક્ષા એ ભારતની પ્રાચીન વિશિષ્ટતા છે. ઋષિ મુનિઓ, વસ્તીથી દૂર નૈસર્ગિક વાતાવરણમાં પર્ણ કુટી બાંધી આધ્યાત્મિક સાધના કરતા અને વિદ્યાર્થી પોતાના વિદ્યાભ્યાસ માટે આવા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે આવતા તેમજ ગુરુકુળમાં રહી જરૂરી વિદ્યા અને કળાનો અભ્યાસ કરવામાં સમયનો સદ્‌ઉપયોગ કરતા, તેની સાથે-સાથે તેમને જીવનમાં ઉચ્ચ સંસ્કારો આપો આપ મળતા હતાં. આવા નિષ્કામ કર્મયોગી ગુરુઓ અને વિદ્યાર્થીઓની વસાહતો ગુરુકુળો કહેવાતાં. આવા ગુરુકુળોની પ્રણાલિકામાં ધર્મ પરાયણ અને ચારિત્ર પ્રધાન પ્રજા ઉછરતી હતી, પરંતુ બદલાતા સમયની સાથે આપણા સમાજ પરિવર્તનમાં ભારતની ગુરુકુળ પ્રથા નેસ્ત નાબુદ થતી ગઈ. લુપ્ત થતી આ પ્રથાને ‘શ્રી માધવ ગુરુકુળ’ થી સજીવન કરવા શુભ પ્રયાસ આદર્યો છે.

હાલનાં નર્યા ભૌતિકવાદમાં રાચનારા સમાજમાંથી આજના વિદ્યાર્થીને વિજ્ઞાન અને ધર્મનાં સમન્વય યુક્ત શિક્ષણ મળતું નથી. વિજ્ઞાન અને ધર્મ એક સિક્કાની બે બાજુ છે. એકલો ધર્મ પણ વિજ્ઞાન વગર અંધશ્રદ્ધામાં ફેરવાય છે. વિદ્યાર્થીને હાલના વિપરીત વાતાવરણથી બચાવવા સનાતન ધર્મની દ્રષ્ટિએ શુભ સંસ્કારોનું સિંચન થાય, ચારિત્રનું ઘડતર થાય, સદાચારી, પરોપકારી, સંયમી, ઉચ્ચ જીવનનાં પાઠ શીખે એ ઉપરાંત સમય અનુસાર શિક્ષણ પણ

આપી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સધાય, તેનો વ્યવહાર અને મોક્ષ સુધરે એ રીતે તેઓ સમાજને ઉપયોગી થાય તેમજ તેમનું માનવ જીવન સફળ થાય એવી મંગળ ભાવના સાથે ગુરુકુળની પ્રવૃત્તિઓ આરંભી.

ગુરુકુળનાં નામ પ્રમાણે જ્યાં ધાર્મિક વાતાવરણમાં રહીને વિદ્યાર્થી સામાજીક શિક્ષણ લઈ શકે તે માટે શ્રી માધવગુરુકુળનું વિદ્યાનગરમાં આયોજન કરવામાં આવ્યું છે. ૧૨૦૦૦ ચો. વારમાં ગુરુકુળ આકાર પામ્યું છે. એક સાથે ૩૦૦ વિદ્યાર્થીઓની રહેવાની તેમજ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે દૈનિક તથા અઠવાડિક સત્સંગ સભાનું આયોજન થાય છે. વિદ્યાર્થીને ઉપયોગી એવું શૈક્ષણિક ભાથું મળી રહે તેવા તમામ પ્રયત્નો કરવામાં આવે છે. સાથો-સાથ યુવા તાલીમ શિબિર, યોગાસન, શ્રમશિબિર, રક્તદાન શિબિર, સાંસ્કૃતિક પ્રવાસ, રમત-ગમત તથા સ્પર્ધાત્મક ઉત્સવનોની ઉજવણી જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

**પ્રાર્થના ખંડ :** એક સાથે ૩૦૦ વિદ્યાર્થી નિત્ય પૂજાપાઠ કરી શકે તેવા વિશાળ પ્રાર્થનાખંડનું આયોજન કરેલ છે. પૂ. સ્વામીશ્રીની હાજરીમાં ધ્યાન, પ્રવચન, ભજન-કીર્તન તથા અન્ય સંતોની દિવ્ય-વાણીનો લાભ મળશે.

**પુસ્તકાલય :** કંઈક નવું જાણવાનું, વાંચવાની તેમજ માણવાની તમન્ના દરેકને હોય છે. વિદ્યાર્થી-કાળમાં આ ઈચ્છા વધારે હોય છે. વિદ્યાર્થીના વાંચન માટે દૈનિક પેપર, માસિક તેમજ સમાજ ઉપયોગી પુસ્તકોની સાથે ધાર્મિક પુસ્તકો વાંચન માટે મળી રહે તે હેતુથી પુસ્તકાલયનું ભવ્ય આયોજન કરેલ છે.

**ભોજનાલય :** શુદ્ધ-સાત્વિક અને પૌષ્ટિક આહાર મળી રહે તેવું આયોજન કરેલ છે. તેમજ ૩૦૦ વિદ્યાર્થીઓ એક સાથે બેસીને ભોજન લઈ શકે તે માટે વિશાલ ભોજનાલયનું આયોજન કરવામાં આવેલ છે.

**રમત-ગમત :** ફાજલ સમયમાં વિદ્યાર્થીઓ ધિંગામસ્તી અને આનંદ માણી શકે તે માટે વિશાળ રમતગમતનાં મેદાનનું પણ આયોજન કરેલ છે. સાથો-સાથ ઈન્ડોર ગેઈમ્સ માટે વિશાળ ખંડ પણ છે.

**બાગ-બગીચો :** શ્રી માધવગુરુકુળનાં સંકુલનમાં રમણીય-આલ્હાદક અને વિશાળ બગીચાનું પણ આયોજન કરેલ છે.

આવા 'શ્રી માધવગુરુકુળ'નું ૨૫ મી એપ્રિલ, ૧૯૯૬ ને ગુરુવારના રોજ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનાં અધ્યક્ષ સ્થાને માનનીય રાજ્યપાલશ્રી કૃષ્ણપાલસિંહ - ગુજરાત રાજ્યના વરદ્ હસ્તે ખુલ્લું મૂકવામાં આવેલ હતું.

**અદ્યતન સુવિધાથી સુસજ્જ ગુરુકુળમાં શું છે ?**

- ભવ્ય - વિશાળ પ્રાર્થનાખંડ
- કોમ્પ્યુટરાઈઝડ્ પુસ્તકાલય
- વિશિષ્ટ સવલતોયુક્ત રૂમ
- ૨૪ કલાક પાણી વ્યવસ્થા
- એકવાગાર્ડ સાથે જંતુરહિત વોટર કુલર
- સ્નાન માટે ગરમ પાણીનું આયોજન
- ઈન્ડોર / આઉટડોર રમતગમતની સુવિધા
- રિડીંગ - ટયુસન કલાસની વ્યવસ્થા
- અદ્યતન ભોજનાલય, સુઘડ-શુદ્ધ સાત્વિક આહાર સાથેનું રસોડું

**ગુરુકુળ આયોજન કરે છે...**

- કોચીંગ કલાસ
- ધાર્મિક ચર્ચા - પ્રશ્નોત્તરી
- યુવા તાલીમ શિબિર
- શૈક્ષણિક - સાંસ્કૃતિક પ્રવાસ
- દૈનિક સવાર-સાંજ પ્રાર્થના સભા
- પૂનમની સત્સંગ સભા
- શ્રમ સેવા યજ્ઞ
- રક્તદાન યજ્ઞ
- રમત ગમત હરીફાઈ
- જન-જાગૃતિ અભિયાન
- શિક્ષિત-પ્રશિક્ષણના વર્ગો
- સ્ટડી સર્કલ

# બાળ કેળવણી (ભાગ-૭)

રજુ. લવજીભાઈ કે. સવાણી
(નાવડા)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

**ફૂલ ખીલવા દો,**
**મધમાખીઓ પોતાની મેળે જ આવી જશે,**
**ચારિત્ર્યવાન બનો,**
**જગત પોતાની જાતે જ મુગ્ધ બની જશે,**
- રામકૃષ્ણ પરમહંસ

**ચારિત્ર્યની કેળવણી :–**

બાળકને ચરિત્ર્યની કેળવણી આપવી જોઈએ, કારણ કે એની જિંદગીની અમૂલ્ય બાબત છે. ચારિત્ર્ય, જીવનનું સૌથી કિંમતી અને સૌથી મોટું સત્ત્વ છે. ચારિત્ર્ય એટલે આપણા જીવનમાં જોવા મળતી, મન, વચન અને કર્મની સત્યતા. આ સત્યતા આજના જમાનામાં શક્ય નથી, એવી દલીલની સામે હું કહેવા માંગુ છું કે, આજનાં સંદર્ભમાં ચારિત્ર્ય ઘડતરની જેટલી શકયતા હોય એટલી શક્યતા સુધી આપણે બાળકોને લઈ જવાની કોશિશ કરવી જોઈએ.

**ઘરકામનું શિક્ષણ, જે માણસ ઘરનું કામ નથી કરતો તે જગતનું કામ કેવી રીતે કરી શકે ?**
- આસિક મલેક

બાળકને રમવાની પૂરી આઝાદી હોવી જોઈએ, પણ એને ઘરમાં કામ કરવાની કેળવણી પણ આપવી જોઈએ અને જે કોઈ ઘરનું કામ કરે છે એના પ્રત્યે સન્માનની ભાવના રાખે તેવું શિક્ષણ પણ આપવું જોઈએ. ઘરમાં નાનાં-નાનાં કામ હોય છે, એ કામ બાળક સહેજ મોટું થાય એટલે સોંપવા જોઈએ. જેથી એને બહારના વ્યવહારની લોકો સાથે સંવાદની અને પૈસાના હિસાબની સમજણ પડે.

**સહયોગનું શિક્ષણ :–**

ઘણાં બાળકો એકલવાયાં હોય છે કારણ કે તેઓ બીજા સાથે હળીભળી શકતાં નથી. તેમની આવી સ્થિતિ અને આવી માનસિકતાને દૂર કરવી જ રહી. કારણ કે એકાંત સારું છે પણ એકલતા નકામી છે. બાળકને આ વસ્તુની સમજણ આપવી જોઈએ. બધાની સાથે રહીને જીવન જીવવાની અને અહંમને દૂર કરવાની તાલીમ તો આપવી જ જોઈએ.

એક બાળક બધાથી અલગ-અલગ રહેતો હતો. તેથી તેને શાળામાં મજા આવતી નહોતી. તેણે પોતાની દાદીમાને આ વાત કરી તો દાદીએ કહ્યું, હું તારા માટે લાડુ બનાવું છું તારે ખાવો છે ? બાળકે કહ્યું, હા. દાદીએ લોટ ખાવા આપ્યો. બાળકે કહ્યું, આ તો મોળો મોળો છે. દાદીએ કહ્યું આમાંથી જ લાડુ બને છે. જીવન પણ એવું જ છે. અલગ અલગ રહીએ તો મજા ના આવે. જેમ લાડુ બધી વસ્તુના મિશ્રણથી બને તેમ જિંદગીની સફળતા બધાના સાથ સહકાર અને આનંદ ગમ્મતથી બને છે.

**સંઘર્ષની કેળવણી :–**

બાળકને જીવન વિશેની કેળવણી આપો ત્યારે સંઘર્ષની કેળવણી આપવાનું ભૂલતાં નહિ, કારણ કે જીવન આખરે તો સંઘર્ષનું બીજું નામ છે. અમીર હોય કે ગરીબ, દરેકને સંઘર્ષ તો કરવો જ પડે છે. સંઘર્ષ દરમિયાન આપણી ધીરજ અને સહનશક્તિની કસોટી થાય છે, તેથી આ બાબતો પ્રત્યે તેનું પણ ધ્યાન દોરજો. જિંદગી સરળ નથી, પણ એના પગલે પગલે સમસ્યાઓ છે. બાળકએ સમસ્યાઓથી ડરી જઈ હિંમત હારી બેસે નહિ, એ માટે એને સજ્જ કરવું પડશે. આ કથા જુઓ–

એક ભાઈએ એક દુકાનેથી સરસ ડિઝાઈન-વાળો કપ ખરીદ્યો. ભાઈ બોલી ઉઠયા, વાહ, કેટલો સરસ છે ? આશ્ચર્ય રીતે કપ બોલ્યો અને કહ્યું, 'હું સુંદર છું પણ આ સુંદરતા મેળવવા માટે મારે ઘણો સંઘર્ષ કરવો પડયો છે. મને જમીનમાંથી માટીરૂપે ખોદી કાઢવામાં આવ્યો ત્યારે ઘણી પીડા થઈ, ત્યારબાદ મને ચાકડા પર ચઢાવવામાં આવ્યો, પછી મને ભઠ્ઠીમાં તપાવવામાં આવ્યો. મારા શરીર પર ધગધગતો રંગ લગાવવામાં આવ્યો. મને થયું આવા જીવન કરતાં હું માટી હતો ત્યારે વધુ સારું હતું પણ જયારે રંગ સુકાયો ત્યારે મને મારી સુંદરતાનો ખ્યાલ આવ્યો, મારી ધીરજ અને સહનશક્તિ ખૂટી ગઈ હતી પણ આજે મારું જીવન સફળ છે.'

સંઘર્ષ એ મહેનતનો ઉત્તમ પ્રકાર છે. જેનાથી કાર્યની ગુણવત્તામાં વધારો થાય છે.

-(કોન્ફ્યુશિયસ)

# પરમ તત્ત્વનાં પંથે

રજુ. હંસાબેન બી. ગોપાણી
(ચોગઠ)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

**:: સાખી ::**

**હું હું કરી હરિ નહિ મળે ટાંળજો દેહ અભિમાન,**
**હું કાઢીને જો હરિ ભજો તો જીવન નવકા પાર.**

જુઓ આપણને જ્યાં સુધી સત્સંગની સમજણ નથી ત્યાં સુધી અનેક મંથનો અને અથડામણો કરી પણ આપણને કોઈ જગ્યાએથી કાઈ કાર્યની સફળતા ન મળી. કોઈ શિખરે ન પહોંચ્યાં પણ હવે એક નવી દિશામાં વળીએ કે આપણને પૂરણ બ્રહ્મ, પૂજ્ય ગુરૂજી મળ્યા. તેના સાનિધ્યમાં રહીને જીવનને પ્રભુ પંથના માર્ગે ચાલીએ. આ હૃદય સમ્રાટને વાળીએ. આ જન્મમાં, આ સમયમાં, આપણને આવા ગુરૂજી મળ્યા તે કેવા ભાગ્યની વાત છે. આપણાં પૂર્વના પુણ્યના લીધે આવા ગુરૂજી, આવી પરંપરા મળી. તેથી ગુરૂજીને મારા કોટી કોટી વંદન. હવે આપણે પરમ તત્ત્વના પંથે ચાલીએ. જુવો આપણને ગુરૂજી વારંવાર સત્સંગમાં કહેતા પણ ઘોર અજ્ઞાન અંધકારને લઈને આ જીવ જ્યાં ત્યાં ગોથા ખાયા કર્યા. હું નામનો હુંકાર લઈને ફરતા હતા માટે કાંઈ દેખાતું નથી, સમજાતુ નથી. તો મનમાંથી હુંકાર કાઢી હૃદય રૂપી પાત્રમાં સમાઈને અમૃત ભરાઈ જાય માટે મનને બીજા સર્વેફંદમાંથી મુક્ત કરીએ તોજ આ હૃદયમાં સાચો જ્ઞાન માર્ગ દેખાશે પણ ઘણાં સમયને ઘણાં જન્મનો મેલ ભરીને અહીં આ દેહ રૂપી નગરમાં મન બેઠું છે ને આ નગરને મારૂં માનીને બેસી ગયું છે પણ ભાઈ આ નગર આપણું નથી. આતો ભાડાનું મકાન છે. ભજનમાં ગાયું છે ને,

**આ ઘર નથી તમારૂ મેમાન સૌ પ્રભુના,**
**શું કામ કરોશો મારૂ મારૂ મેમાન ચાર દિના ।**
**માટી ભેળી માટી થાશે ને પાણી ભેળું પાણી રે**
**કાચી કાયા તારી કામ નય આવે**
**અંતે વાયે ઉડશે વાની ભાઈ.**

તો આ મનને જરૂર પાછું વાળવું ને પ્રભુના સ્મરણમાં રાખવું. તો જરૂર પ્રભુના પંથને પમાશે. આપણે દૂર દેશના પંખીઓ છીએ ને દૂર દેશમાં જવાનું છે પણ આ મન મુશા ફિર કાંઈ સુજવા દેતું નથી. તેને વારંવાર સમજાવવું જોઈએ. આપણે સૌ સદ્‌ગુરૂ રૂપી બગીચાના ખીલેલા પુષ્પો છીએ. તો તેને આ બગીચાનો અમૃત રસ ચખાડવો છે. પીવો છે. તેની સુવાસ કાઈમ માટે રહે. હવે પ્રભુના પંથને પામવું છે ને પરમ તત્ત્વના પંથે પહોંચવું છે. જો દિવ્ય પંથને પામવાના પ્રવાસી થઈશું તો જરૂર મનની અટપટી આટી છૂટી જશે ને આનંદમાં રહીશું. આપણે અનંત દેહરૂપી ધર્મ શાળાઓમાં રાત્રીઓ રહેતા રહેતા એક એવી મનુષ્યરૂપી ધર્મશાળામાં આવીયા. અનેક પુણ્ય કર્મોના લીધે આ ધર્મશાળા મળી. તો આ સમયમાં આપણે આ સમયનો સદ્‌ઉપયોગ કરતા રહીએ, સારૂ ભજન, સારા વિચારો, સારા કામો, સારી સેવાઓ ગુરૂજીના વચનોમાં વિશ્વાસમાં, સાવ નાનામાં નાના બનીને રહીયે **કરવાનું તુ આજ કરી લે કાલે શું થનાર જીવડાં તેની કોઈને ખબર નથી.** આ લગામ મનના હાથમાં છે. થોભેલી લગામ જરા પણ ઢીલી પડવા દઈશું. તો આ મન જરૂરને જરૂર મરણનાં બંધનમાંને, ચોરાશીની ખાણમાં લટકાવી દેશે. ભલે મોક્ષ તો નહિ મેળવીએ પણ આ જીવન રથને પ્રભુના પંથે જરૂરને જરૂર પહોંચાડશું ને ગુરૂજીના નિજ દેશમાં પહોંચી જશું. આપણે ઘણાં વસ્ત્રો બદલી નાખ્યા છે. ઘણું બધુ જોયું હશે તે ખબર નથી. ખૂબ ફર્યા હશું, કાંઈ ખબર નથી. તે આ જન્મમાં આપણને ખબર પડશે તો આજ જન્મમાં પાર પડી શકાશે. વળી સંતોના ચરણોમાં રહીને સંતોને ઓળખી શકશે. ખોટા વિચારો છોડી દઈને મેળવવાનું તે તેને મેળવી લઈએ. ફાલતું સમયને સલામ કરી કિંમતી સમયને પકડી ગુરૂજીના વચનમાં રહીને, ગુરૂજીએ આપેલા ગુરૂકૃપાનો મહા-મંત્રને ધ્યાનમાં લઈને જરૂરને જરૂર પરમતત્ત્વના પંથે ચાલીએ. ગુરૂજીને મારા કોટી કોટી વંદન...

# આપણા જીવનનો ધ્યેય શું છે ?

રજુ. મનીષા કે. અઘેવાડા

જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટેના ત્રણ પાયા છે. (૧) દ્રઢ, પુરુષાર્થ (૨) દ્રઢ સંકલ્પ (૩) સાહસ. મહાત્મા ગાંધીજી પાસે શું હતુ ? ન સેના, ન શસ્ત્ર અને ન સામ્રાજ્ય. તો પણ તેમણે પોતાની દ્રઢ સંકલ્પ શક્તિ-ઈચ્છાશક્તિના આધારે અંગ્રેજ સલ્તનત સામે ટક્કર લીધી અને ભારતને આઝાદી અપાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેમ આપણે જીવનનો ધ્યેય સિધ્ધ કરવા માટે દ્રઢ સંકલ્પ કરીને પુરુષાર્થ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજે પોતાનું સમગ્ર જીવન સત્સંગ ધર્મને માટે સમર્પિત કરી દીધું હતું. તેથી તેમને આપણે યાદ કરીએ છીએ. ઘણા માણસોના જીવન એવા હોય છે કે, તેમને લોકો યાદ કરે અને ઘણાના જીવન એવા હોય છે કે લોકો તેમના નામની ફરિયાદ કરતા હોય છે.

**રોજ જન્મે હજારો – લાખો રોજ મરે**
**હજારો – લાખો**
**કેટલાને લોકો કરે યાદ ? માત્ર તને**
**જ, જે છોડી જાય સુવાસ**

માણસે જિંદગીમાં એવા કાર્યો, કરવા જોઈએ કે તે મરી ગયા પછી પણ લોકોના હૃદયમાં જીવ્યા કરે પરંતુ આવું જીવન ક્યારેય જીવાય છે. તો દરેક માણસે જિંદગીનો ધ્યેય નક્કી કરવો જોઈએ. જેમ ડોક્ટર કે વકીલ બનવું હોય તો પહેલાથી પ્લાનિંગ કરવું પડે છે. તેમ બીજાને ઉપયોગી જીવન જીવવું હોય કે આધ્યાત્મિક પંથે પ્રગતિ સાધવી હોય તો તે માટે પહેલાથી તૈયારી કરવી પડે છે. પાકે ઘડે કાંઠા ના ચડે તેમ ભગવાનનું ભજન પણ ઘડપણમાં થઈ શકતું નથી. કાન સાંભળવાનું બંધ કરી દે પછી માણસ શું ભગવાનની કથા સાંભળશે. આખે દેખાતું બંધ થયા પછી શું દર્શન કરશે. તેથી સમય કાઢીને ભગવાનનું ભજન કરવાની શરૂવાત યુવાની અવસ્થાથી કરી દેવી જોઈએ.

દીનાનાથ ભટ્ટ પ્રખર વિદ્વાન હતા. તેમને ભાગવતના ૧૮૦૦૦ શ્લોક મોઢે આવડતા હતા. કથા કરવા માટે બેસે ત્યારે તેમને ગ્રંથની પણ જરૂર ના પડે. એવા જ્ઞાની હતા અને એક દિવસ તેમને પૂછવામાં આવ્યું કે તમે તમારા મોક્ષને માટે કયો શ્લોક નક્કી કર્યો છે. ત્યારે તે મુંઝાઈ ગયા. જવાબ આપી ન શક્યા. જો પોતાના મોક્ષને માટે માણસે કાંઈ નક્કી ના કર્યુ હોય કે કાંઈ પગલું ના ભર્યું હોય તો આવી પંડિતાઈ કે મનુષ્ય જન્મ જીવ્યા તેનો શો અર્થ ? આપણે સાવધાન થઈ જઈએ. આપણા મોક્ષ માટે કાંઈ નક્કી કર્યુ કે નહિ ? તો આપણે પણ દીનાનાથ ભટ્ટની પંક્તિમાં આવી જઈશું.

**ઊઠ જાગ મુસાફિર અબ ભોર ભયે,**
**અબ રેન કહાં જો સોવત હૈ,**
**જો સોવત હૈ, વો ખોવત હૈ, જો જાગત**
**હૈ સૌ પાવત હૈ.**

આપણે આપણાં જીવનમાં મોક્ષ માટે ભગવદ્ સ્મરણ આદિ ના કરતાં હોઈએ તો કરવાં માંડીએ. આથી આપણાં ગુરુજી વારંવાર કહે છે કે ભાગવદ્ સ્મરણ આપણા જીવનમાં ઉતારવું જોઈએ તેથી આપણે આપણાં જીવનો મોક્ષ કરવો જ છે. એવો ધ્યેય રાખવો જોઈએ અને ધ્યેય હાંસલ કરવા માટે ભગવાનની ભક્તિ કરવી જોઈએ.

**સંપત ગઈ તે સાંપડે, ગયા વળે છે વહાણ,**
**ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.**

પૈસા ગયા હોય તો તે પાછા મેળવી શકાય છે, વહાણ પરદેશ ગયું હોય તે પાંછુ આવે છે. પરંતુ હાથમાંથી ગયેલો અવસર અને પ્રાણ કદી પાછા આવતા નથી. તેથી આપણે જીવના મોક્ષ માટે ભગવદ્ સ્મરણ આદિ ના કરતાં હોઈએ તો કરવા માંડીએ કદાચ કરતાં હોઈએ તો કરવા માંડીએ. કદાચ કરતાં હોઈએ તો વધુ કરીએ, સાચા સત્પુરુષની શરણાગતિ સ્વીકારીએ. એ આપણને સાચો માર્ગ બતાવશે. જેમ બારણું બંધ કરવા અને ખોલવા માટેની ચાવી એક જ હોય છે પણ ચાવી કંઈ બાજુ ફેરવો છો તેનાં આધારે બારણું ખૂલે કે બંધ થાય, તેમ આ મનુષ્ય શરીર વડે ભગવાનની ભક્તિ કરી લઈએ તો જીવનો મોક્ષ થઈ જાય છે. આ રીતે પ્રત્યક્ષ ભગવાનના દર્શન અને ભગવાનના સ્વરૂપનું અખંડ ચિંતવન કરવાથી જ જીવનો મોક્ષ થાય છે.

તેથી આપણે ધ્યેયને હાંસલ કરવા માટે ભગવાનની ભક્તિ કરવી જોઈએ. ભક્તિ વિનાનું જીવન વ્યર્થ છે. મીઠા વિનાનું શાક નકામું, ખાંડ વિનાનો કંસાર નકામો, ઘરેણાં બધા શરીરના અંગો ઉપર હોય પણ નાક ન હોય તો નકામું. એક લાખનો ચેક હોય તો પણ સહી ના હોય તો નકામું. જાનમાં બધા માણસો હોય પણ વરરાજો ન હોય તો નકામું. તેમ જીવનમાં ભગવનની ભક્તિ ના હોય તો તે જીવન પણ નકામું છે. તેથી આપણે સાવધાન થઈ જઈએ.

**કાયા હજી સાજી છે, હાથમાં હજી બાજી છે,**
**ત્યાં સુધી ભક્તિ કરવાની તક હજી,**
**તાજી છે...**

# તત્ત્વબોધ કથા સત્સંગસાર

રજુ. રેખાબેન આર. મચાણી
(ભાવનગર)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

પરમ પૂજ્ય સ્વામીજી શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજશ્રીના ભાવનગર મુકામે કરેલ તત્ત્વબોધ કથા સત્સંગ સાર...

ભગવાન શંકરાચાર્ય દ્વારા રચિત તત્ત્વબોધનો વિચાર કરી રહ્યા છીએ. જેણે પોતાના આત્માનું કલ્યાણ કરવું છે તેના માટે આ તત્ત્વબોધ છે. ચાર સાધનથી સંપન્ન છે તે આ તત્ત્વબોધનો અધિકારી થાય છે. વિવેક, વૈરાગ્ય, શમ આદિ ષટ્ સંપત્તિ મુમુક્ષુત્ત્વ. નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક, આ લોક અને પરલોકના સુખોની અંદર ભોગોની ઈચ્છાનો અભાવ અને ત્રીજુ સાધન ષટ્સંપત્તિ જેમાં (૧) શમ એટલે મનનો નિગ્રહ (૨) દમ એટલે ઈન્દ્રિયોનો નિગ્રહ (૩) ઉપરતિ એટલે પોતાના ધર્મનું અનુષ્ઠાન (૪) તિતિક્ષા એટલે શીત-ઉષ્ણ, સુખ-દુઃખ વગેરેને સહન કરવા (૫) શ્રધ્ધા એટલે ગુરૂના વાક્યમાં વિશ્વાસ, વેદના વાક્યમાં વિશ્વાસ (૬) સમાધાન એટલે ચિત્તની એકાગ્રતા. તૃતીય કોટીનું સાધન, મારો મોક્ષ થઈ જાય એવા પ્રકારની ઉત્કટ ઈચ્છા. તેને મુમુક્ષત્ત્વ કહેવામાં આવે છે. આ ચાર સાધન જેના જીવનમાં આવે તે તત્ત્વબોધના અધિકારી થઈ શકે.

તત્ત્વ વિવેક એને કહેવામાં આવે કે જે આ ચાર સાધનથી થાય છે.

**આત્મા સત્ય તદ્ અન્ય સર્વ મિથ્યા.**

આત્મા સત્ય છે અને એનાથી ભિન્ન જે દેખાય છે, સંભળાય છે તે મિથ્યા. તેનો અનુભવ તેને તત્ત્વ વિવેક કહેવાય છે.

આત્મા સત્ય છે. તો પછી આત્મા કોને કહેવામાં આવે ? ભગવાન શંકરાચાર્ય તેનું સ્વરૂપ બતાવતા કહે છે.

સ્થૂળ, સુક્ષ્મ, કારણ સ્વરૂપથી અતિરિક્ત પંચકોશથી ભિન્ન અને ત્રણેય અવસ્થાનો જે સાક્ષી છે અને સ્વરૂપથી જે સત્, ચિત્, આનંદ છે, અંદર બહાર બધે વ્યાપ્ત છે, તેને આત્મા કહેવામાં આવે છે.

આપણું શરીર ત્રણ પ્રકારે છે. સ્થૂળ, સુક્ષ્મ અને કારણ શરીર. આત્મા એ ત્રણ શરીરથી જૂદો, પંચકોશથી રહિત છે. અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ, આનંદમય કોશ. આ પાંચકોશથી રહિત, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત આ ત્રણ અવસ્થાનો સાક્ષી, જે સ્વરૂપથી સત્, ચિત્, આનંદરૂપથી ત્રણેય કાળમાં રહે છે તેને આત્મા કહેવાય છે.

આપણી પાસે ત્રણ શરીર છે પણ દેખાય છે એક સ્થૂળ, સુક્ષ્મ અને કારણ એમ ત્રણ શરીર છે સજજનો.

ઘણી કથા એવી હોય, સાંભળવાથી એનું ફળ મળે છે. પૂરાણોની કથા સાંભળવાથી ફળ મળે છે. વેદાંતની કથા સમજવાની હોય છે અને સમજવાથી તરતો તરત જ જ્ઞાન થાય છે. વેદાંત સમજવાથી જ લાભ થાય છે. સાંભળીને પછી જ સમજાય છે. એટલે વેદાંત સાંભળીને સમજવાનો પ્રયત્ન કરો. શ્રવણ (સાંભળવું), મનન (સમજવું) અને નિદિધ્યાસન (ધારણ કરવું) થાય તો તરત જ અપરોક્ષ અનુભવ થાય કે હું ત્રણ શરીરથી જુદો પંચકોશથી રહિત, સચ્ચિદાનંદ સ્વરૂપ છું. આવા અનુભવમાં રહેવું તેને જ્ઞાન કહેવામાં આવે છે એટલે જ્ઞાનની સ્થિતિ કહેવામાં આવે છે.

શંકાની નિવૃત્તિ થાય તો જ તત્ત્વજ્ઞાન થાય.

**''છેદો છેદો શંકા તમારી તમામ રે,**
**શંકાના પ્રતાપે રે નિષ્ઠા નથી જામતી રે''**

ગુરૂ-શિષ્યનો પરસ્પર પ્રશ્નોત્તર સંવાદ તેને વાદ કહેવામાં આવે છે. એટલે વાદ કથાને તત્ત્વજ્ઞાન કથા કહેવામાં આવી છે. વેદાંતમાં શંકાનું સમાધાન થાય તો જ આગળ વધી શકાય અને એ શંકા યોગ્ય હોવી જોઈએ. શંકાની નિવૃત્તિ કરી આગળ વધવાની ભાવના હોવી જોઈએ. ખોટી શંકા ગુરૂજીની પરીક્ષા કરવા માટેની ન હોવી જોઈએ. એવો પ્રશ્ન કે જે પ્રશ્ન કર્યો છે એ પ્રશ્ન જ ભૂલી જાય તો એ ખોટી ભાવનાનો પ્રશ્ન છે. તે પ્રશ્ન તત્ત્વ જ્ઞાનનું કારણ નથી બનતો. ગુરૂ અને વેદાંતના વાક્યમાં વિશ્વાસ તેને શ્રધ્ધા કહેવાય છે. બળહીન છે તેને આત્મજ્ઞાન થતું નથી. બળ શેનું ? તો

કહે સાધનનું બળ. સાધન કયાં ? તો એ ચાર સાધન વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષત્ત્વ. આ સાધનનું જ્ઞાન હોય તો આત્મજ્ઞાન થઈ જાય વાંચવાથી ગ્રંથો સમજાતા નથી તો પછી શાળા કોલેજ બંધ થઈ જાત. તેમ ગુરૂની પણ જરૂર ન રહે. વિદ્યાએ ગુરૂના મુખથી જ સાંભળેલી છે એ જ સિધ્ધ થાય છે. તર્કથી કયારેય આત્મજ્ઞાન થતું નથી. શ્રૃતિ અનુકૂળ તર્ક હોવો જોઈએ. કેવળ તર્ક છે એની કોઈ પ્રતિષ્ઠા નથી. સંસાર જ જે વસ્તુ માત્ર તર્ક ઉપર ટકી શકી છે તો એમાં સંભવ છે. લોકોએ સ્વીકારી પણ એનાથી વધારે બુધ્ધિમાન કોઈ સંશોધન કરે તો તે તર્કનો નાશ થઈ જાય છે. વિજ્ઞાન એ તર્ક પર આધારીત છે પણ તર્ક પર આધારીત વિજ્ઞાનને એવું ન કહી શકાય આ સ્થિર છે. શ્રૃતિ આધારિત તર્ક હંમેશા રહે છે. શ્રૃતિ જેને પોતાનો અર્થ સાબિત કરવા કોઈ બળની જરૂર ન પડે એવા શબ્દને શ્રૃતિ કહે છે. સાચી વાતનો એકપણ સમર્થક ન હોય તો પણ એ વાત સાચી છે તેમ જ ઉપનિષદ, વેદની વાતો છે. વેદ દ્વારા પ્રતિપાદીત છે એટલે સત્ય છે. એવું આવા પ્રકારનાં આત્માનું વર્ણન વેદ કરાવે છે. ધર્મ છે એ પૂર્ણપણે શ્રૃતિ સાપેક્ષ છે અને બ્રહ્મ છે એનું સામાન્ય જ્ઞાન છે. વિશેષ જ્ઞાન માટે ઉપનિષદના વિચારની જરૂર પડે છે. સામાન્ય જ્ઞાનએ સંસારની નિવૃત્તિનું કારણ પણ નથી અને વિરોધ પણ નથી. એટલે સંસાર ચાલે છે. બધાને ખબર છે મન, બુધ્ધિ, ઈન્દ્રિયથી જુદો છું એવું અજ્ઞાની વ્યક્તિ પણ જાણે છે. અજ્ઞાનીને ખબર છે. યજ્ઞનું ફળ શરીર છૂટ્યા પછી પરલોકનું ફળ મળશે. ઘણાં સત્કર્મો એવા છે જેના ફળ અહીંને અહીં જ મળે છે. ઘણા સત્કર્મો એવા છે જેનું ફળ પરલોકમાં મળે છે. આપણને ખબર છે આ દેહથી હું જુદો છું. દેહ તો સાધન છે. ઈન્દ્રિયોથી દેહ જુદો છે. ઈન્દ્રિયોએ સાધન છે. હું બોલવા માટે, ચાલવા માટે ઈન્દ્રિયોનો ઉપયોગ કરું છું. જોવા સૂંઘવા માટે જ્ઞાનેન્દ્રિયોનો ઉપયોગ કરું છું. મન છે એ સાક્ષી છે. મન આપણો સાક્ષી છે. મનને જોવા માટે કોઈ ઈન્દ્રિયોની જરૂર નથી પણ આંતરપદાર્થો છે. ભાગતા મનને જોઈ શકાતો નથી. જોવાવાળો "હું" મનથી જુદો છું. બુધ્ધિથી જુદો છું. બુધ્ધિએ એ મનથી જુદો છું એવું નક્કી કર્યુ. આપણે બધા જાણીએ છીએ કે મન, બુધ્ધિ, ઈન્દ્રિયોથી જુદો છું. એવું જાણવા છતાં આવો લાભ મળતો કેમ નથી ? કારણ સામાન્ય જ્ઞાન એ અજ્ઞાનની નિવૃત્તિ નથી કરતું. એના માટે વિશેષ જ્ઞાન છે. એ અજ્ઞાનની નિવૃત્તિ કરે છે. જિજ્ઞાસા એ વિશેષ જ્ઞાન કરાવે છે એટલે આ લોક પરલોકના સુખ માટે બ્રહ્મ જિજ્ઞાસા કરવી જોઈએ.

પ્રસિદ્ધ વસ્તુ માટે કોઈ જિજ્ઞાસા ન થાય. જેમ કે સૂર્યને રોજ જોઈએ છીએ. તો સૂર્ય માટે કોઈ જિજ્ઞાસા ન થાય. બ્રહ્મ છે એ અપ્રસિદ્ધ છે. એની જિજ્ઞાસા પણ કોને ન થાય તો પછી બ્રહ્મની જિજ્ઞાસા કેવી રીતે ? બ્રહ્મનું સામાન્ય જ્ઞાન છે એટલે એ પ્રસિદ્ધ છે. સામાન્ય રૂપથી નિવૃત છે. બ્રહ્મના વિશેષ જ્ઞાન માટે જિજ્ઞાસા કરવાનું છે. એટલે અપ્રસિધ્ધ છે. વિશેષ જ્ઞાન માટે શાસ્ત્રના વિચારની જરૂર છે એટલા માટે બ્રહ્મસૂત્રનો વિચાર જરૂરી છે. બ્રહ્મનું જ્ઞાન, શાસ્ત્રના જ્ઞાનથી તત્ત્વમસિ મહાવાક્યોથી જે જ્ઞાન થાય છે એ જ્ઞાન.

દેહ, મન, બુધ્ધિ, ઈન્દ્રિયોથી હું જુદો છું પણ કેવો છું એ જ્ઞાન શાસ્ત્રના જ્ઞાન વગર નથી થતું. હું જુદો છું અને બદ્ધ છું એ જ્ઞાન.

દેહ, આદિથી હું જુદો સચ્ચિદાનંદ રૂપ છું કે અસત્ રૂપથી જડ રૂપ છું એ જ્ઞાન નથી એટલે શાસ્ત્રના બોધની જરૂર છે. જુદો છું એ સામાન્ય જ્ઞાનથી જણાય છે પણ કેવો છું એ શાસ્ત્ર બોધથી જાણવા મળે છે. હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું એ જ્ઞાન શાસ્ત્ર દ્વારા થાય છે. બ્રહ્મને સમાધિગમ્ય કહ્યું છે. શાસ્ત્રનું જ્ઞાન ગુરૂ દ્વારા જ થાય છે એટલે જ્ઞાન પ્રાપ્ત કરવા ગુરૂનું શરણુ લેવું જોઈએ.

આપણો આત્મા ત્રણેય શરીરથી જુદો છે એ કયારે ખબર પડે કે આ બધાને જુદુ પાડીને સમજીએ તો સમજાય.

ભગવાન શંકરાચાર્યજીએ એને જુદા-જુદા રૂપથી કહ્યું છે એટલે તત્ત્વબોધની જરૂર પડે છે આત્મા કચરામાં ખોવાઈ ગયો છે.

**''પાંચ પચીસના ઝઘડામાં,**
**હીરો ખોવાયો મારો કચરામાં...''**

અહીં ત્રણ શરીરએ કચરો કહેવાય. આત્મારૂપી

હીરો તેમાં ખોવાઈ ગયો છે. પાંચ-પચીસ એટલે બધે પાંચ વસ્તુઓ જેમ પાંચ ભૂત ઉત્પત્તિક્રમે આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી. આ પાંચભૂત છે એ સંસારમાં છે. ગમે ત્યાં જાવ પાંચભૂત છે નવું કાંઈ નથી. એટલે ઋષીમુનીઓને છઠ્ઠાની કોઈ જિજ્ઞાસા જ નથી. કારણ છઠ્ઠુ કોઈ છે જ નહિ. સંસારમાં કોઈ વસ્તુ એવી નથી જે જાતે ઉત્પન્ન થઈ હોય. જેમ કુંભાર વગર ઘડો ન બને, ચિત્રકાર વગર ચિત્ર ન બને એમ ઈશ્વર વગર આવો મોટો સંસાર બને નહિ. તો સંસારને બનાવવાળો એ ઈશ્વર એની જ જિજ્ઞાસા કરવી જોઈએ. એ પરમાત્મા આપણી અંદર જ છે. એ સત્-અસત્ (આત્મા-શરીર) ને ઓળખવાનો વિવેક કરવો જોઈએ.

પચીસમાં પાંચ ભૂત, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એટલે આપણે પોતે પોતામાં ખોવાઈ ગયા છીએ. આત્મા સંનિકૃત છે. જેમ દસ વ્યક્તિઓમાં વ્યક્તિની ગણતરી દસમો વ્યક્તિ કરે છે ત્યારે ગણતરી કરવાવાળો દસમો વ્યક્તિ લાઈનમાં ઉભેલા નવ વ્યક્તિની ગણતરી કરે છે પણ પોતાની ગણતરી દસમાં કરતો નથી પણ જ્યારે કોઈ મહાત્મા આવીને ગણતરી કરીને ગણનારને કહે દસમો તું છે, તેમ ગુરૂ કહે છે, "આત્મા" તું છે. એમ આપણે પોતે આત્મ સ્વરૂપ છીએ. એ આત્મા અદ્રશ્ય છે એટલે દેખાતો નથી. સ્થૂળ, સુક્ષ્મ, કારણ શરીર એમ ત્રણ શરીર છે. તેમાં સ્થૂળ શરીર દેખાય છે. પંચભૂતનું બનેલું છે. તે સ્થૂળ શરીર કહેવાય, સૂક્ષ્મ શરીર ઓગણીસ તત્ત્વો પાંચ પ્રાણ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, મન, બુધ્ધિ, ચિત્ત, અહંકારનું બનેલ છે. કારણ શરીર "હું" અજ્ઞાની છે કાંઈ જાણતો નથી.

શરીરની ત્રણ અવસ્થાઓ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ. એ ત્રણ અવસ્થાઓ છે. શ્રોત્રાદિ, જ્ઞાનેન્દ્રિયો દ્વારા શબ્દાદિક વિષ્યો જે અવસ્થામાં જીવાત્મા ભોગવે છે. તે છે, જાગ્રત અવસ્થા, આ અવસ્થામાં શરીરાભિમાની આત્મા વિશ્વ કહેવાય છે. સ્થૂળ જાગ્રત અવસ્થામાં જે જોયું, સાંભળ્યું તેનાથી પેદા થયેલી વાસનાથી નિંદ્રા સમયે જે પ્રપંચ પ્રતીત થાય છે. તે છે સ્વપ્નાવસ્થા. આમાં સૂક્ષ્મ શરીરાભિમાની આત્મા તેજસ નામથી ઓળખાય છે. મને કશી જ ખબર ન પડી એવી સુખરૂપ નિંદ્રાનો અનુભવ જેમાં થાય છે તે છે સુષુપ્તાવસ્થા. આ અવસ્થામાં સકારણ નીરાભિમાની આત્માને પ્રાજ્ઞ કહે છે.

પંચકોશ કયાં કયાં ? (૧) અન્નમય કોશ (૨) પ્રાણમય કોશ (૩) મનોમય કોશ (૪) વિજ્ઞાનમય અને આનંદમય કોશ એ પાંચ કોશ છે.

**(૧) અન્નમય કોશ :-**

અન્નના રસથી ઉત્પન્ન થઈ અન્નરસથી વૃધ્ધિ પામતું અને આખરે અન્નરૂપ પૃથ્વીમાં વિલીન થતું સ્થૂલ શરીર તે અન્નમય કોશ છે. અન્નમય કોશ સ્થૂલ શરીર આત્મા ન કહેવાય કારણ કે તે ઉત્પત્તિ વિનાશશીલ અને વિકારી છે.

**(૨) પ્રાણમય કોશ :-**

પાંચ પ્રાણ અને પાંચ કર્મેન્દ્રિયો એ બંનેના મેળાપકને પ્રાણમય કોશ કહે છે.

પાંચ પ્રાણ કયાં કયાં ? પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાંચ પ્રાણ છે. પ્રાણમય કોશ ક્રિયાશક્તિ પ્રધાન છે. આ કોશ પણ આત્મા નથી કેમ કે તે જડ છે. નિંદ્રામાં પ્રાણ છે પણ જ્ઞાન નથી.

**(૩) મનોમય કોશ :-**

પાંચ જ્ઞાનેન્દ્રિયો મન સહિત સંકલ્પ વિકલ્પ કરવાવાળું અંતઃકરણ એ મનોમય કોશ છે આ કોશ વિકારી છે એટલે એ આત્મા નથી.

**(૪) વિજ્ઞાનમય કોશ :-**

અંતઃકરણની નિશ્ચિયાત્મક વૃત્તિ, બુધ્ધિ અને પાંચ જ્ઞાનેન્દ્રિયો મળી વિજ્ઞાનમય કોશ બને છે. આત્મા આનાથી પણ ભિન્ન છે કારણ કે એની નિત્ય સત્તા નથી.

**(૫) આનંદમય કોશ :-**

કારણ શરીરભૂત અવિદ્યામાં રહેલ મલિન સત્ત્વ પ્રિયમોહ તથા પ્રમોદવૃત્તિ સહિતને આનંદમય કોશ કહે છે. આ કોશનું સુખ સ્થાય નથી. તેથી તે આત્મા નથી આમ આત્મા પંચ કોશાતીત છે.

જેમ રેશમનો કીડો કોશથી જુદો છે એમ આત્મા કોશથી જુદો છે. કોશ એટલે આવરણ. જેમ

ડુંગળીને ઉભી ચીરો તો એક કળી હોય તેને ઘણા બધા આવરણ છે.

જાગ્રત આદિનો હું સાક્ષી છે. એમ સુષુપ્તિ અવસ્થામાં અજ્ઞાન છે. અંધારું દેખાય છે પાછો જાગું છું ત્યારે જાગ્રત આદિ દેખાય છે.

આ ત્રણેયથી જુદો એ સત્, ચિત્ આનંદરૂપ આત્મા છે. આમ સચ્ચિદાનંદ સ્વરૂપ પોતાના આત્માને જાણવો. એનો અપરોક્ષ અનુભવ કરવો. અર્થાત્ પોતાના જીવાત્મા અને બ્રહ્મની એકતા સમજી નામ- રૂપાત્મક જગતને મિથ્યા સમજવું એ છે તત્ત્વ વિવેક.

એ જે જ્ઞાન છે એનું નામ છે.

**તત્ત્વબોધ :–**

હું જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ આદિનો સાક્ષી છું એવું જ્ઞાન એ જ તત્ત્વબોધ છે.

હું જ્ઞાતા છું. મનનો, ઈન્દ્રિયોનો, વિક્રિયાનો, પ્રાણની ક્રિયાનો જ્ઞાતા છું.

દેહ, ઈન્દ્રિયો, મન, બુદ્ધિનો હું જ્ઞાતા છું એટલે હું બધાથી જુદો છું જેમ લોખંડનો કટકો અગ્નિમાં નાંખવામાં આવે તો લોખંડનો કટકો લાંબો હોય તો અગ્નિ લાંબી અને ગોળ હોય તો અગ્નિ ગોળ થાય છે પણ અગ્નિ લોખંડ સાથે જોડાઈ જાય છે એવી રીતે આત્મા ઈન્દ્રિયો સાથે જોડાઈ જવાતા હું શ્રોતા છું એવું થાય છે પણ સ્વયંની અંદર કોઈ વિકાર નહિ, સ્વયંમાં કોઈ ચિંતા નહિં એવું સ્વરૂપમાં જે રહે છે. શરીર હોવા છતાં અશરીર રૂપે રહે છે તેને એ જ્ઞાન સ્થિતીએ પહોંચવું જોઈએ. આવું ચિંતન કરવું જોઈએ. ખોટા ભ્રમમાં જવું નહિં તો અવશ્ય બ્રહ્મનો લાભ થાય, થાય ને થાય.

ગીતા ઉપનિષદ પ્રમાણ આ વિચાર છે. પ્રમાણનો વિચાર કરવાથી ભ્રમણાથી બચી શકાય છે. એવું ભગવાન શંકરાચાર્યએ સમજાવ્યું છે. ગુરૂ વચનમાં વિશ્વાસ રાખીને આગળ વધો તો તત્ત્વબોધ થાય. આત્મજ્ઞાન થાય છે.

**સર્વેત્ર સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કચ્ચિદ્ દુઃખમાપ્નુયાત્**

## સતગુરૂદેવની સમૂહ પ્રાર્થના

રજુ. રમાબેન ખૂંટ (સુરત)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

જે ત્યાગને વૈરાગની મૂર્તિરૂપે પ્રગટ હતા,
વિવેક વાણી વિનયથી નર્મદા કિનારે રાજતા,
જંગલ વિશે મંગલ કર્યું વેદાન્ત આશ્રમ ધામ છે,
તે સ્વામી અખંડાનંદ તમને કોટી કોટી પ્રણામ છે.

કોઈ પૂર્વના યોગી સમુ આચરણ સદા જેનું હતું,
સાક્ષાત જ્ઞાન વિરાગનું સતરૂપ જયાં નિત રાજતું,
સર્વોત્તમ ભાવે સર્વમાં જોતાં પ્રભુનું એ ઠામ છે,
તે સ્વામી અખંડાનંદ તમને કોટી કોટી પ્રણામ છે.

જેણે નિગમ અગમતણો વિસ્તાર આ જગમાં કર્યું,
અધ્યાત્મ લેખકએ સમો આ યુગમાં નહિ અવતરો,
બહુ ગુપ્ત વાતુ વર્ણવી શ્રૃતિ સંત જ્યાં સમુદાય છે,
તે સ્વામી અખંડાનંદ તમને કોટી કોટી પ્રણામ છે.

લેખણ ગતી બહુ શિઘ્ર લખવામાં ગણેશ સમીહત
સાક્ષાત્ જીભે શારદા આવી અને બિરાજતા,
ગ્રંથો લખ્યા બહુ જ્ઞાનના જિજ્ઞાસુનો વિશ્રામ છે,
તે સ્વામી અખંડાનંદ તમને કોટી કોટી પ્રણામ છે.

સંગ્રહ તણો જ્યાં નામ નહિ વિતરાગ ધૃતધારી હતા,
દીનતાન કીધે દૂર જે સમરથ પુરુષ પોતે હતા,
જેણે અહમગમ ટાળ્યું તેનું જગતમાં નામ છે,
તે સ્વામી અખંડાનંદ તમને કોટી કોટી પ્રણામ છે.

નહિ રાગ દ્વેષ દિલે જરા માન પાન તો વિધરયા,
દુવિધા ગ્રસ્તી નરનારીના જેણે જન્મ સુધારયા,
સંસારની યાત્રા ટળી પામ્યા જે પૂર્ણ વિરામ છે,
તે સ્વામી અખંડાનંદ તમને કોટી કોટી પ્રણામ છે.

# કલ્યાણ કરવાનાં સાધનો

લેખક – શિવ

**॥ જય સચ્ચિદાનંદ ॥**

કોઈ પણ પ્રાણીને કોઈ પણ રીતે દુઃખ ન દો. બીજાને દુઃખ દઈને પોતે સુખી થવાની દુરાશાને દેશવટો આપો. બીજાને દરિદ્ર બનાવીને ધનવાન બનવાના કોડ પડતા મૂકો. તમે કયારે મૃત્યુના મહેમાન બનશો તેની તમને કયાં ખબર છે ? મૃત્યુની સાથે જ મનોરથરૂપી મહેલ જમીન દોસ્ત થઈ જશે.

પોતે લાંબા સમય સુખી જીવન ભોગવવા ભોગો ખોટી ધારણાથી બીજાના ભોગોને લૂંટવાની વૃત્તિ રાખવી એ બુદ્ધિભ્રમ છે. મોતને માથા પર ઊભેલું જુઓ અને નક્કી માનો કે, તેના આગમન પછી બધું જ 'પોતાનું' મટી 'પરાયું' બની જશે.

મૃત્યુની એક જ ક્ષણ અગાઉ મનુષ્ય કોણ જાણે કેટલાય મનસૂબા રચે છે ! ઘરમાં તેનું એક ચોક્કસ સ્થાન હોય છે; તે ઘરનો માલિક યા ભાગીદાર હોય છે. પરંતુ જયાં મોતનો હુમલો થયો કે તરત મનની મુરાદો મનમાં જ મરી જાય છે.

કેમ જાણે ઘરમાં તેનું કંઈ સ્થાન જ ન હોય તેવી દયામણી સ્થિતિ ઊભી થાય છે !

ઘરની જે વસ્તુઓને 'મારી' ગણો છો તે તમામ ચીજોથી તમારે ફરજિયાત છૂટાછેડા લેવા પડશે. ડહાપણભરેલું તો એ છે કે, પહેલેથી ચેતી જાઓ.

જે વસ્તુઓને છેવટે છોડવાની જ છે તેને માટે અન્યાય અને અધર્મનો આશ્રય લેવાનું બંધ કરો. કોઈ પણ ચીજને 'પોતાની' માનીને તેનું અભિમાન ન રાખો.

કોઈ પણ વસ્તુની ઈચ્છા ન કરો. જગતમાં બેપરવા બનીને જીવન જીવો.

મસ્તીમાં થતું મોત એ પણ એક પ્રકારની મોજ છે.

ધન, માન, કીર્તિ, સન્માન ઈત્યાદિ નાશવંત વસ્તુઓની કમાણી કરવાની વૃત્તિને તિલાંજલિ આપો. કમાણી કરવાની જ હોય તો સારાં આચરણોની, સારા ગુણોની, વિશુદ્ધ વૈરાગ્યની, આધ્યાત્મિક જ્ઞાનની અને ભગવાનની અડગ ભક્તિની કરો.

તમારી પાસે લખલૂટ લક્ષ્મી છે, બહોળું કુટુંબ છે, જગતમાં તમારી બોલબાલા છે, લોકો તમારે ચરણે શિર ઝૂકાવે છે; પરંતુ જો તમારું અંતઃકરણ મલિન હશે, તમારાં આચરણો અપવિત્ર હશે, તમારું મન અને શરીર ક્ષણભંગુર ભોગોમાં ભટકતું હશે, ભોગોને જ નિત્ય સુખ અને સુખનું સાધન માનતા હશો, પ્રભુનાં પુનિત પાદારવિંદમાં તમારો લગીરે પ્રેમ નહિ હોય તો નક્કી માનજો કે, તમારું માનવજીવન બિલકુલ વ્યર્થ છે અને તમારા જીવનનું ફળ ભવિષ્યમાં ખૂબ દુઃખદાયક થઈ પડશે.

હંમેશા હૃદયને રંગવા પ્રયત્ન કરો, તમારાં આચરણોને શુદ્ધ કરો, બધા પર પ્રેમ રાખો, દરેકનો સત્કાર કરો, બધાનું ભલું કરો, કોઈનું બૂરું ન કરો.

સંસારના ક્ષણિક પદાર્થોમાંથી ચિત્તવૃત્તિને ખેંચી લઈને ભગવાનને ચરણે જોડી દો.

લોકો તમને શું કહેશે એની ચિંતા ન કરો. લોકો તો પોતપોતાનાં ગીતો ગાશે.

રાગદ્વેષનાં ચશ્માં જેવાં હશે તેવો જ અભિપ્રાય લોકો આપશે. તેમની પ્રશંસાથી ફુલાશો નહિ અને તેમની નિંદાથી ગભરાઈને ધ્યેયને ન ભૂલશો. તમામ કામ પ્રભુની પ્રીતિ માટે કરો.

એક વાતનો હંમેશા ખ્યાલ રાખો કે, જે કાર્યથી કોઈ પણ પ્રાણીનું અકલ્યાણ થાય છે તે કાર્ય પ્રભુની પ્રીતિ અર્થે થઈ શકતું નથી.

ભોગો સંબંધી વધુપડતી ચર્ચા ન કરો, ન સાંભળો; જેટલું જરૂરી હોય તેટલું જ ધ્યાન આપો અને તેની એટલી જ ચર્ચા કરો. બાકીના સમયમાં પોતાના મન અને પોતાની વાણીને ભગવાનના ગુણગાન ગાવામાં રોકી દો. શરીરથી જે કંઈ કરો તે સર્વેશ્વરની સેવા સમજીને કરો. ઘરમાં પોતાને માલિક ન સમજો; પરંતુ એક સામાન્ય સેવક સમજો ને શક્તિ પ્રમાણે ભગવત્સેવાના ભાવથી ઘરનાં કામ કરો. થોડા સમય માટે આવેલા અતિથિ જેવો વર્તાવ રાખો.

આ ઘરને પોતાનું સ્થાન, ઘરની ચીજો, ઘરના નોકરોને પોતાના નોકરો અને ઘરના રાચરચીલાને પોતાની માલમિલકત માનવાની ભૂલ ન કરો.

ચિત્તરૂપી ધોધનો પ્રવાહ ભગવાનની તરફ જ વહે એની કાળજી રાખો; જગતની તરફ કદાચ વહે તો

તે પણ ભગવાનને માર્ગે જવાના સીધા રસ્તાની શોધમાં જ !

સહેજ પણ ગરબડ જણાય તો તરત પ્રવાહને રસ્તે અટકાવી દો.

યાદ રાખો કે, ધન, જન, પરિવાર, શરીર, યશ, સન્માન વગેરે કંઈ તમારી સાથે આવવાનું નથી. તેઓ તમારા પરલોકના સહપ્રવાસી નહિ બની શકે.

દુઃખના દિવસોમાં તે આડાં નહિ આવે.

ખબર નથી કે શરીરનો કયારે અંત આવશે, માટે ઓચિંતું આક્રમણ આવવાનું છે એમ સમજી સાબદા રહો. જેનાં આચરણ શુદ્ધ છે, જેનામાં સદ્‌ગુણોનો વિકાસ થયો છે, જેનું મન ઘરમાં, પરિવારમાં, ભોગોમાં ફસાતું નથી.

મનથી જે ભગવાનને ભૂલતા નથી અને શરીરથી જે હંમેશા અલગ, ચેતન, નિત્ય અને અવિનાશી સમજે છે તે જ તૈયાર છે. મૃત્યુ વખતે તેને માથાં કૂટવા પડતાં નથી.

મૃત્યુની સવારીને આવતી જોઈને ધન, યૌવન, રૂપ, પદ, સન્માન, શક્તિ, વિદ્યા વગેરે દગો દેશે, ચોતરફ વિખરાઈ જશે, બાજુમાં ઊભા રહીને તમારો તમાશો જોજો. માટે તેની પ્રાપ્તિને જીવનનું ધ્યેય ન માનો અને તેમની પ્રાપ્તિ થવાથી હર્ષઘેલા ન બનશો.

**ચાર દિવસની ચાંદની પછી ઘોર અંધારી રાત આવવાની છે એ કેમ ભૂલો છો ?**

શાસ્ત્રો, સંતો, મહાત્માઓ અને ભક્તોની વાણીનું અને તેમનાં જીવનનું અનુકરણ કરીને પ્રભુ પર વિશ્વાસ રાખો ! ભગવાનના મહિમાને શ્રદ્ધાપૂર્વક સમજો અને પ્રભુપ્રેમની પ્રાપ્તિ માટે સર્વેશ્વરની શરણાગતિ સ્વીકારો. કામ, ક્રોધ, લોભ, દ્વેષ, હિંસા, મત્સર, અભિમાન, મમતા, ઈત્યાદિ દોષો બહુ જોરાવર છે. આ બધાને જડમૂળથી ઉખેડી નાખવાની સાવચેતી રાખો. સત્સંગ યા સાધનાના પ્રભાવથી કયારેક માણસને પોતાના જીવનમાંથી આ દોષો દૂર થયેલા દેખાય છે અને તે પોતાને પૂર્ણ માની લે છે; પરંતુ તેનો સંપૂર્ણ નાશ થવો બહુ મુશ્કેલ છે.

સત્કાર્યના પ્રભાવથી દોષો દબાઈ જાય છે; પરંતુ સંસ્કારરૂપે મનમાં છુપાયેલા રહે છે. અનુરૂપ પરિસ્થિતિ અને યોગ્ય પ્રસંગનો સંયોગ થવાથી તે ફરીથી શસ્ત્રો સર્જે છે. આ જ કારણથી સર્વથા નિર્દોષ મનાતા મહાપુરુષોમાં પણ કોઈ કોઈ વાર આ દોષો જણાઈ આવે છે.

માટે અભિમાનરૂપી દુશ્મનથી તમારી જાતને બચાવીને, ખૂબ સાવધાન બનીને, પ્રભુનું શરણું સ્વીકારીને, શરીરરૂપી વૃક્ષનાં દોષરૂપી મૂળિયાંને નિષ્ઠુરતાપૂર્વક નિર્મૂળ કરો. કામક્રોધાદિ દુર્ગુણો ઉત્તેજિત થાય એવું કારણ મળવા છતાં પણ તેઓ સ્થિર બેસી રહે તો માનવું કે તેમના વિનાશની ઘડી નજીક છે. સંસ્કારો રૂપ પણ તેની હયાતી નાબૂદ થાય તેને માટે દરરોજ રાત્રે કડક આત્મપરીક્ષા કરવી જોઈએ.

કોઈ વાર એવું જોવામાં આવે છે કે, જાણી જોઈને લેવાતી પરીક્ષામાં દોષો જણાતા નથી; પરંતુ આકસ્મિક પ્રસંગ ઊભો થવાથી તે તરત જ જાગી જાય છે. માટે આવી દશામાં પણ તે ન જાગે ત્યારે સમજવું કે, તેના સંસ્કારનો ક્રમશઃ નાશ થઈ રહ્યો છે.

તમારે હાથે સત્કાર્ય બને તો તેને માટે ભૂલથી પણ અભિમાન ન કરશો, સફળતા માટે પ્રભુનો પાડ માનો અને તેની કૃપાશક્તિને જ તેમાં પ્રાધાન્ય આપો.

અભિમાન એ સફળતાના માર્ગનું સૌથી મોટું વિઘ્ન છે. અભિમાનની ઉત્પત્તિ થતાં સફળતાં દૂર ભાગે છે અને કોઈ કારણવશાત્ તેમ થતાં વાર લાગે તો અભિમાનમાં અનેકગણો ઉમેરો થવાથી તેનું પરિણામ ખતરનાક આવે છે.

સફળતાના પ્રત્યેક પ્રસંગે ભગવાન પ્રત્યે આભારદર્શન કરીને ઉત્તરોત્તર ભગવાનનો આશ્રય લેવો અને તેમના પર જ સર્વ પ્રકારની જવાબદારીનો ટોપલો નાખવો. આ જાતની સાધનાથી પ્રાણીમાત્રની જન્મોજન્મની સાધના સફળ થાય છે.

પોતાને 'મોટા' માનીને કોઈ દિવસ અભિમાન ન કરો. સંસાર ચક્રમાં કોણ જાણે કેટલીય વાર ચડતીના ચમકારા આવે છે ! જીવનના અંતિમ શ્વાસ સુધી જેનું જીવન ઉત્તમ રહે તે જ મોટો છે ને જીવનની છેલ્લી ઘડી સુધી જે ન સુધરે તે જ નાનો છે.

પોતાના જીવનની ચોકી બે આંખોથી કરો. પ્રત્યેક ડગલું ચેતીને ભરજો. અધઃપતન માટે ખલકના ખૂણેખૂણામાં એટલી બધી ઊંડી ખાઈઓ ખોદાયેલી પડી છે કે જેની ગણતરી ભાગ્યે જ થઈ શકે. સહેજ અસાવધાન રહ્યા તો ઊંડી ખાઈમાં ગબડી પડશો; પછી નીકળવું બહુ મુશ્કેલ પડશે. મનની પ્રત્યેક ક્રિયા અને

ઈન્દ્રિયની દરેક ચેષ્ટાને પ્રભુ તરફ વાળનારી અવ્યભિચારી બુદ્ધિના કબજામાં રાખો. ખબરદાર, એવી એક પણ ક્રિયા ન થવા દેશો કે જે પ્રભુથી વિમુખ કરનારી અને અધોગતિની ખાઈમાં ગબડાવનારી હોય.

જગતમાં બધા પર દયાદ્રષ્ટિ રાખજો, પરંતુ ખોટી વાસનાઓ અને બૂરી ભાવનાઓ પર જરાય રહેમ ન રાખશો. શરીરનાં રૂવેરૂંવામાંથી તેને હાંકી કાઢો. તેને આશ્રય આપશો તો વેલની જેમ વધતાં તેને વાર નહિ લાગે.

'ભગવાનના બળથી આપણે બળવાન છીએ' એવી બળવાન શ્રદ્ધા રાખીને કુવાસના, કુચિંતા અને કુબુદ્ધિને તમારી પાસે ફરકવા ન દો. જોર કરે તો તેની સામે મોરચો માંડીને પણ વિજયને વરો. ભૂલશો નહિ કે, તમે તેના કરતાં વધારે બળવાન છો. આત્માથી વધુ બળવાન કોઈ નથી. શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરે તો આત્માના ગુલામો છે. મન, બુદ્ધિ અને આત્મામાં રહેનાર કામક્રોધાદિ દુશ્મનો કરતાં તમારી તાકાત અનેકગણી વધારે છે. સાચું કહીએ તો તમારી શક્તિથી જ તેમને શક્તિ મળે છે. પરમાત્મારૂપી મેરુ સામે તમારી જાતને નાનકડું તણખલું સમજો. પરંતુ વિષયવિકારોનો વિનાશ કરવા માટે તમારી જાતને જરાય નબળી ન માનશો. વાસ્તવિક રીતે જ તમે દુર્બળ નથી. તમારા દુર્બળ વિચારોએ જ તમને દુર્બળ બનાવ્યા છે. તમારા અસલી સ્વરૂપને સંભારી નિર્ભય બની જાઓ.

તમારી નિંદાનાં નગારાં વાગતાં સાંભળીને દિલમાં ડર ન રાખશો, ઉશ્કેરાટ ન અનુભવશો, શોકમાં ડૂબી ન જશો અને ધીરજરૂપી મૂડી ન ગુમાવશો. અહંકારને અળગો કરીને તમારી જાતને તપાસશો તો નિંદાની કોઈ અસર તમારા મન પર પડેલી નહિ જડે. આત્માની નિંદા કરવા કોણ સમર્થ છે ? નિંદા તો નામ અને રૂપની જ થઈ શકે. નામ-રૂપની નિંદાથી કોઈ નફો નુકસાન થતાં નથી. જગતમાં હંમેશ માટે ન તો કોઈની બધાં નિંદા કરે છે, ન તો સ્તુતિ કરે છે. જગતની નિંદા-સ્તુતિથી નિર્ભય બનીને, નિષ્કામભાવે, પ્રેમપૂર્વક ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવા ખડે પગે તૈયાર રહો.

પ્રભુની પ્રેરણા માનીને તમે કોઈ સત્કર્મ કરતા હો અને આધુનિક યુગના કહેવાતા વિદ્વાનો તમારા એ કર્મનો વિરોધ કરે તો પણ લેશમાત્ર ચિંતા ન કરશો. સત્કર્મમાંથી પીછેહઠ ન કરતાં, ભગવાન પર ભરોસો રાખીને, પોતાના નિશ્ચયને વળગી રહો. જે સાચું છે તે આખરે તો સાચું જ ઠરશે. ભવિષ્યમાં દુનિયા એ સત્યને સ્વીકારશે અને નહિ સ્વીકારે તોય તમને શું નુકસાન થવાનું છે !

જગતની પ્રશંસા પામવા માટે, જગતની નેતાગીરી લેવા માટે, માન યા ધન મેળવવા માટે, તમારા ધર્મનો દ્રોહ કદાપિ ન કરશો.

જગતની વાહવાહથી કંઈ જ મળવાનું નથી; જ્યારે ધર્મદ્રોહનું ફળ ખૂબ ખરાબ હોય છે.

ધર્મદ્રોહીઓની ખુશામતથી ખુશ થઈને ભવિષ્યનાં પરિણામને ન ભૂલશો.

ત્યાગ કરો, પરંતુ ત્યાગનું અભિમાન ન રાખો. ત્યાગની યાદ પણ ભૂલી જાઓ.

દાન કરો, પરંતુ ઉપકાર ન કરો, બદલો ન ઈચ્છો; કરેલા દાનને વીસરી જાઓ.

સેવા કરો, પરંતુ સેવક તરીકે ન ઓળખાવો. સેવા કરવા છતાં પણ જે માણસ સેવક તરીકેનું અભિમાન નથી રાખતો તે જ સાચી સેવા કરી શકે છે.

નિષ્ફળતા મળવાથી શોક ન કરો. એવું ન માનો કે 'પ્રભુએ બહુ ખરાબ કર્યું.'

**॥ શ્રધ્ધાંજલી ॥**

વડદલા ગામના સ્વ. ગોવિંદભાઈ પરશોત્તમભાઈ પટેલ (ઉમર વર્ષ ૫૮) સંવત ૨૦૭૨ ભાદરવા વદ ૨ ને તા. ૧૮/૦૯/૨૦૧૬ ને રવિવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

નાના સુરકા ગામના સ્વ. રણછોડભાઈ માવજીભાઈ વાઘાણી (ઉમર વર્ષ ૬૯) સંવત ૨૦૭૨ ભાદરવા વદ ૩ ને તા. ૧૯/૦૯/૨૦૧૬ ને સોમવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.



પ.પૂ.શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી માધવાનંદજી મહારાજશ્રી

ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ





પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રી

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

નિગમ કલ્પતરોર્ગલિતં ફલં શુકમુખાદમૃતદ્રવ સંયુતમ્ । પિબત ભાગવતં રસમાલયં મુહુરહોરસિકા ભુવિ ભાવુકાઃ ॥

અનંત કોટી બ્રહ્માંડ નાયક શ્રી સચ્ચિદાનંદ ભગવાનની અસીમ કૃપાથી પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય **શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રી** ની અમીદ્રષ્ટિથી તેમજ બ્રહ્મલીન પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય સચ્ચિદાનંદ સ્વરૂપ **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રીના આશીર્વાદથી સંતભૂમિ માધવ તીર્થધામ એવા આકરૂગામના આંગણે સંવત ૨૦૭૩ ના કારતક સુદ ૨ ને મંગળવાર તા. ૦૧/૧૧/૨૦૧૬ ના શુભ દિવસે સમસ્ત જાદવ પરિવાર ના પિતૃ મોક્ષાર્થે ભક્તિ, વિરક્તિ, ભગવત્પ્રબોધ ના અદ્ભુત જ્ઞાનભંડાર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું સુંદર આયોજન કરવાનું અમને સદ્ભાગ્ય સાંપડયુ છે.

## વ્યાસપીઠ પર બિરાજશે

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી માધવપીઠાધીશ્વર શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી વ્યાસપીઠ પર બીરાજી કર્મ, ભક્તિ અને જ્ઞાનથી ભરપુર સરળ ગુજરાતી ભાષામાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના અમૃતમય ઉપદેશનું રસપાન કરાવશે તો આ પાવન વાતાવરણમાં સહભાગી થવા જીવ-જગત-જગદીશનો સંબંધ સમજાય અને જીવન સચ્ચિદાનંદમય બને તેવી પવિત્ર કામના સાથે દિવ્ય મંગલમય અવસર પર જ્ઞાનગંગાનો લાભ લેવા આપ સૌને ભવરોગ વિનાશી ભાગવત કથામાં પધારો તેવું અમારા જાદવ પરીવારનું નિમંત્રણ છે.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં સંત મહાત્માઓ પણ પધારશે અને દર્શન, સત્સંગનો લાભ આપશે.


### ●●● ॥ કથાના અલૌકિક પાવન પ્રસંગો ॥ ●●●

**પોથીયાત્રા સ્થળ**
તા. ૦૧-૧૧-૨૦૧૬ને મંગળવાર
સવારે ૮.૦૦ કલાકે
અમારા નીવાસ સ્થાનેથી નિકળી
કથા સ્થળે જશે.

**શ્રી કૃષ્ણ જન્મોત્સવ**
કારતક સુદ ૫ને
તા. ૦૫-૧૧-૨૦૧૬ને શનિવારે

**કથા પ્રારંભ**
કારતક સુદ ૨ને
તા. ૦૧-૧૧-૨૦૧૬ને
મંગળવાર

**પૂર્ણાહુતિ**
કારતક સુદ ૭ને
તા. ૦૭-૧૧-૨૦૧૬ને સોમવાર



**વક્તાશ્રી**

**સંતવાણી**
તા. ૦૫-૧૧-૨૦૧૬ શનિવાર
રાત્રે ૯.૦૦ કલાકે

કથાનો સમય સવારે ૯ થી ૧૧.૩૦
બપોરે ૩ થી ૫ કલાક સુધી.

**આયોજક**
શ્રી અજીતસિંહ દાનુભાઈ જાદવ
મો. ૯૯૯૮૬ ૪૧૧૧૧


મહા પ્રસાદ દરરોજ બપોરે ૧૨ કલાકે

**કથા સ્થળ**

**'' શ્રી માધવધામ'', મું. આકરૂ, તા. ધંધુકા, જી. અમદાવાદ**

ખાસ નોંધ : ચાલુ કથા દરમિયાન કોઈએ આગળ દર્શન કરવા જવું નહિ. જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જવું.

## સત્સંગ સમાચાર (પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ)



**પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (શાહપુર) (૪૨૯)**

- કથા પ્રારંભ : કારતક સુદ ૨ ને મંગળવાર તા. ૧-૧૧-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : કારતક સુદ ૫ ને શનિવાર તા. ૫-૧૧-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : કારતક સુદ ૭ ને સોમવાર તા. ૭-૧૧-૨૦૧૬
- કથા સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦, બપોરે ૩.૦૦ થી ૬.૦૦
- આયોજક : સ્વ. કાન્તીભાઈ ગુણવંતરામ પંડયા,શ્રી જતીનભાઈ કાન્તીભાઈ પંડયા, શ્રી મનુભાઈ ગણપતરામ પંડયા, શ્રી હસમુખભાઈ ગણપતરામ પંડયા, શ્રી જસવંતભાઈ ગણપતરામ પંડયા, શ્રી જયપ્રકાશભાઈ હીરાભાઈ પંડયા
- કથા સ્થળ : ઠે. રણછોડજીનું મંદિર, મુ. શાહપુર, તા. પેટલાદ, જી. આણંદ.



**પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- દિવાળી સુઘડ મુકામે કરશે.
- સ્થળ : આતંર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ, કોબા સર્કલ પાસે, મુ. સુઘડ, જી. ગાંધીનગર.



**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- તા. ૨૫/૧૦/૨૦૧૬ મંગળવાર સુધી હરિદ્વાર.
- તા. ૨૬/૧૦/૨૦૧૬ બુધવાર ચાણોદ.
- તા. ૨૮/૧૦/૨૦૧૬ શુક્રવાર દડવા મુકામે દિવાળી માટે પધારશે.
- તા. ૩૧/૧૦/૨૦૧૬ સોમવાર બેસતું વર્ષ, બપોર પછી વલ્લભીપુર.


**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (વલ્લભીપુર)**

- કથા પ્રારંભ : કારતક સુદ ૨ ને મંગળવાર તા. ૧-૧૧-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : કારતક સુદ ૪ ને શુક્રવાર તા. ૪-૧૧-૨૦૧૬ સાંજે ૫.૦૦ કલાકે
- કથા પૂર્ણાહૂતિ : કારતક સુદ ૭ ને સોમવાર તા. ૭-૧૧-૨૦૧૬
- કથા સમય : સવારે ૯.૦૦ થી ૧૧.૩૦, બપોરે ૩.૩૦ થી ૬.૦૦
- આયોજક : શ્રી બહુચરાજી માય મંડળ તેમજ નિમ્બાર્ક ગૃપ તેમજ શ્રી કૃષ્ણ મહિલા મંડળ વલ્લભીપુર.
- કથા સ્થળ : નરહરિધામ, ભલાણી શેરી, ગાબાણી ચોક, મુ. તા. વલ્લભીપુર, જી. ભાવનગર.

મો. ૯૮૨૫૯ ૯૯૦૯૮, ૯૫૭૪૮ ૩૦૬૧૨

**પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું પ્રસારણ તા. ૧૦-૧૦-૧૬ થી તા. ૦૯-૧૧-૧૬ સુધી હિન્દ ચેનલ (ડી.એલ.-૨૦૨, જી.ટી.પી.એલ.-૨૭૯) ઉપર સાંજે ૭.૦૦ થી ૭.૩૦ કલાક સુધી નિહાળી શકાશે.**

## સત્સંગ સમાચાર પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



**તા. ૧૦/૧૦/૨૦૧૬ થી તા. ૧૬/૧૦/૨૦૧૬ સુધી સુરત...**

**નિત્ય કાર્યક્રમ**

- શ્રી ગુરુગીતા પાઠ : સવારે ૬.૧૫ થી ૭.૦૦
- પ્રવચન આરતી : બપોરે ૩.૩૦ થી ૫.૩૦

**તા. ૧૬/૧૦/૨૦૧૬ રવિવાર, શરદ પૂર્ણિમા મહોત્સવ...**

- શ્રી ગુરુગીતા પાઠ તથા મોટો પાઠ : સવારે ૬.૦૦ થી ૭.૩૦
- પ્રવચન આરતી : બપોરે ૩.૩૦ થી ૫.૩૦
- સમૂહ ભોજન : સાંજે ૬.૦૦
- પ્રાર્થના, પ્રવચન તેમજ રાસગરબા : રાત્રે ૮.૦૦ થી ૧૧.૩૦
- સમૂહ ભીક્ષાના પાસ તા. ૧૬-૧૦-૨૦૧૬ પહેલા મેળવી લેવા વિનંતી.
- મહોત્સવ સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, વેડ-કરાડા ગામ, તાપી કિનારે, સુરત.

**સ્વામીજી મહારાજશ્રીનો રાત્રે વેદાંત સત્સંગનો કાર્યક્રમ**

- **તા. ૧૨** અને **૧૩** ઓક્ટોબર ૨૦૧૬ ના રોજ રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ કલાકે પ્રાર્થના-કીર્તન-પ્રવચન.
- સ્થળ : શાલીભદ્ર રેસીડેન્સી, ગોલ્ડન ચોક, મહારાજા ફાર્મની પાસે, મોટા વરાછા, સુરત. મો. ૯૯૨૪૯ ૫૨૫૭૧

- **તા. ૧૪** અને **૧૫** ઓક્ટોબર ૨૦૧૬ ના રોજ રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ કલાકે પ્રાર્થના-કીર્તન-પ્રવચન.
- સ્થળ : ૧૮, હરિકુંજ સોસાયટી, વિ.-૨, ચીકુવાડી, સી.એન.જી. ગેસપંપની પાછળ, વરાછા રોડ, સુરત. મો. ૯૮૨૫૯ ૬૬૫૮૭

- તા. ૧૭-૧૦-૨૦૧૬ થી ૨૮-૧૦-૨૦૧૬ સુધી ચાણોદ.
- તા. ૨૯-૧૦-૨૦૧૬ શનિવાર મુ. ચમારડી, તા. વલ્લભીપુર, જી. ભાવનગર.
- તા. ૩૦-૧૦-૨૦૧૬ રવિવાર દિવાળી.
- તા. ૩૧-૧૦-૨૦૧૬ સોમવાર નૂતન વર્ષ, બપોર પછી આકરૂ પધારશે.
- નવા વર્ષમાં દર્શન કરવા આવવાના હોય તે બપોરે ૧૧.૦૦ કલાક સુધીમાં ચમારડી ગામે આવી જવું.

**:: દરેક સેવક ભાઈ-બહેનોને ખાસ સૂચના ::**

- ચાણોદ આવતા પહેલા આગલા દિવસે ઓફિસમાં મહેન્દ્રભાઈ નો સંપર્ક ફરજિયાત કરવાનો રહેશે. **(ફોન : ૦૨૬૬૩ ૨૩૩૩૬૨, મો. ૯૮૨૫૧ ૨૦૬૨૧)**
- ખાસ સૂચના જમવા અથવા ઉતારા માટે પૂ. સ્વામીજી મહારાજશ્રી અથવા સંતોને ફોન કરવો નહીં.

**વેબસાઈટ : www.omshreemadhavanandji.org**



સુરત જીલ્લો ઓલપાડ તાલુકામાં શ્રીમદ્ ભાગવત કથા તા. ૧૮/૯/૨૦૧૬ થી તા. ૨૪/૯/૨૦૧૬ સુધી મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્ય કથા શરૂ કરી ત્યારે અચાનક એક કપિરાજ સ્ટેજ પર કથા શ્રવણ કરવા પધાર્યા હતા. કથાકારે સાક્ષાત હનુમાનજી મહારાજ આવ્યા હોય તેવી લાગણી સાથે કથા ચાલુ રાખી હતી. ભક્તજનોએ પણ દર્શનનો સારો લાભ લીધો હતો.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



શ્રી અખંડ આનંદ ધામ ચાણોદમાં પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ સાથે સંતો–મહંતો...

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-